|| श्री गणेशाय नमः ||

|| श्रीः ||

|| श्री महाकाली प्रसन्नास्तु ||

|| श्रीकालिकाध्यानम् ||
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्वितम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ||


# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**

વર્ષ : ૧૬ અંક : ૧૮૮/૧૮૯ તા.૧૫-૧૦-૨૦૨૫ કિંમત : રૂ.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH







શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટનો વિદ્યાર્થી સન્માન સમારંભ સફળતાપૂર્વક સંપન્ન

## સર્વે ભાઈ-બહેનોને દિપાવલી પર્વની હાર્દિક શુભેચ્છા

# શુભ દિપાવલી


Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

# રસિકલાલ રામજીભાઈ રોકડિયા પરિવાર ભાવનગરનું ગૌરવ

## પરિવાર હર્ષની લાગણી અનુભવે છે કે ....

શ્રી ગોવર્ધન પ્રભુની અસીમ કૃપાથી અમારા ચિરંજીવી ડૉ. નિખિલ રોકડિયાએ RK યુનિવર્સીટી, રાજકોટ દ્વારા સ્કૂલ ઓફ મેનેજમેન્ટ હેઠળ "ગુજરાતમાં સેલ્ફ-ફાઈનાન્સ સંસ્થાઓ અને ખાનગી યુનિવર્સિટીઓના અનુસ્નાતક શિક્ષકોની નોકરીની સંડોવણી, ભૂમિકા કાર્યક્ષમતા અને નોકરીના સંતોષની અસર પરનો અભ્યાસ." આ વિષય પર તેનું ડોકટરલ સંશોધન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. જે હેઠળ RK યુનિવર્સિટી, રાજકોટ દ્વારા તેમને ડૉક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.) ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે.

આ વ્યાપક સંશોધન શૈક્ષણિક સાહિત્ય અને સંસ્થાકીય વિકાસ વ્યૂહરચનાઓમાં અર્થપૂર્ણ યોગદાન આપતા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોને પ્રભાવિત કરતા મનોવૈજ્ઞાનિક અને સંસ્થાકીય પરિબળોની મૂલ્યવાન આંતરદૃષ્ટિ આપે છે.



(અમારા સમગ્ર પરિવાર તરફથી ડૉ. નિખિલને હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવીએ છીએ....)

ગૌ.વા. રસિકલાલ રામજીભાઈ રોકડિયા (દાદા)
ગં.સ્વ. તારામતીબેન રસિકલાલ રોકડિયા (દાદી)
હેમંતકુમાર રસિકલાલ રોકડીયા (પિતા)
રશ્મિબેન હેમંતકુમાર રોકડીયા (માતા)
રાજેશભાઈ રસિકલાલ રોકડીયા (કાકા)
માલતીબેન રાજેશભાઈ રોકડીયા (કાકી)
ઈશાન હેમંતકુમાર રોકડીયા (ભાઈ)
કું. હર્ષાબેન રસિકલાલ રોકડીયા (ફઈ)
અધિશ રાજેશભાઈ રોકડીયા (ભાઈ)
પ્રિયંકા અધિશ રોકડીયા (ભાભી)
દીલાક્ષી અધિશ રોકડીયા (ભત્રીજી)

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ
(કંસારા ટાઈમ્સ)

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
"બી" બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

ઈશ્વરની કૃપાથી આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી હું આશા રાખું છું.

તાજેતરમાં તા. ૧૪-૦૯-૨૦૨૫ ના રોજ શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ આયોજિત વિદ્યાર્થી - સન્માન સમારોહને વિદ્યાર્થીઓ તથા તેઓના વાલીઓના સૌજન્યથી ખૂબ સફળતા મળી છે, તે બદલ સર્વે વિદ્યાર્થીઓ તથા તેઓના વાલીઓ તેમજ આ શૈક્ષણિક કાર્યમાં ઈનામના દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનું છું. તેમજ સમગ્ર કાર્યક્રમને સફળતા અપાવવા માટે રાત દિન ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ - સમસ્ત કંસારા સમાજ અને મહિલા કલ્યાણ વિકાસ ટ્રસ્ટના તમામ કાર્યકરોએ ખંભે ખંભા મિલાવી કાર્યક્રમને સફળ બનાવવા માટે જે જહેમત ઉઠાવી છે તે બદલ તેઓનો ખૂબ ખૂબ આભાર માનું છું તેમજ આ કાર્યક્રમના ઉદઘોષક (એન્કરિંગ) તરીકે સેવાઓ આપનાર બન્ને ભાઈઓએ અને બહેનશ્રી એ મનોગમ્યો અને ખૂબજ સુંદર રીતે સંચાલન કરી સહકાર આપી કાર્યક્રમને આહલાદક સફળતા પ્રાપ્ત કરાવી તે બદલ તેઓશ્રીનો પણ હું આભાર માનું છું.

આસો સુદ-૧ થી શરૂ થયેલ, નવલી નવરાત્રિના નોરતાના પવિત્ર ધાર્મિક દિવસોમાં સર્વે જ્ઞાતિજનોએ આપણા કુળદેવી શ્રી કાલિકા માતાની આરાધના કરી અને નવરાત્રી ખૂબ ધામધૂમથી મનાવી અને બહેનોએ પણ આનંદથી ગરબા જેવા કાર્યક્રમો ઉત્સાહથી ભાગ લઈ નવરાત્રીની ધાર્મિક મહત્વતા વધારી છે. તેમજ આપ સર્વે જ્ઞાતિજનોએ હૃદયથી ધાર્મિક ભાવના પ્રદર્શિત કરી માતાજી તરફ ભક્તિભાવની પ્રતિતિ કરાવી ધર્મ ભાવનામાં ઉત્સાહ વધાર્યો છે. તે કંસારા જ્ઞાતિ અને હિન્દુ ધર્મ માટે ગૌરવ લેવા જેવી બાબત છે.

આપડા કુળદેવી શ્રી કાલિકા માતાજી સર્વેની મનોકામના પૂર્ણ કરે તેવી પરમ કૃપાળુ માતાજીને પ્રાર્થના.

આગામી તા. ૧૭-૧૦-૨૦૨૫ થી શરૂ થતા દીપાવલીના પવિત્ર તહેવારો અને તા. ૨૨-૧૦-૨૦૨૫ થી શરૂ થતા વિક્રમ સંવત ૨૦૮૨ ના શરૂ થતા નવા વર્ષ નિમિતે સર્વે જ્ઞાતિજનોનું આરોગ્ય તંદુરસ્ત રહે - આર્થિક રીતે વૃદ્ધિ થાય અને સામાજિક વિકાસ થાય તેવી નવા વર્ષ નિમિતે શુભકામનાઓ પાઠવું છું. તેમજ આપ સર્વેની શુભકામનાઓ અને સહકારથી સમસ્ત કંસારા સમાજ અને તેની ભગીની સંસ્થાઓ પણ ખૂબ જ વિકાસના કામો કરી સમાજનો વિકાસ કરે તેવી આપ સૌની સહકારની અપેક્ષા સાથે પુન દિવાળી નિમિત્તે / નૂતન વર્ષ નિમિતે શુભકામનાઓ પાઠવું છું.

જ્ઞાતિના સર્વે વડીલો ભાઈઓ બહેનો યુવાનોને મારા જય શ્રી કૃષ્ણ જય ગોપાલ જય માતાજી જય સ્વામિનારાયણ જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129


શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ



# જ્ઞાતિજનોને અભિનંદન.....

## તંત્રીશ્રીની કલમે .......

વિક્રમ સવંત ૨૦૮૧ નું વર્ષ પૂર્ણ થવાના આરે છે અને આપ સૌ દિવાળીના તહેવારોની તૈયારીમાં લાગી ગયા હશો ત્યારે ૨૦૮૨ નું નવું વર્ષ સૌ જ્ઞાતિજનોને આરોગ્યવર્ધક, સુખવર્ધક તથા આર્થિકવર્ધક નિવડે તેવી હાર્દિક શુભેચ્છાઓ.

સમસ્ત કંસારા સમાજ તથા તેની ભગીની સંસ્થાઓ ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ તથા શ્રી મહિલા કલ્યાણી સેવા ટ્રસ્ટ દ્વારા સમાજના આર્થિક સામાજિક તથા શૈક્ષણિક વિકાસ માટે અનેકવિધ પ્રવૃત્તિ કરી રહી છે અને તે રીતે ગુજરાતના તમામ કંસારાઓનું સંગઠન બળવત્તર ઉભું થાય અને તે માટે સમાજ દ્વારા અનેક કાર્યક્રમો આપવામાં આવે છે અને તે કાર્યક્રમને જ્ઞાતિજનો દ્વારા ખૂબ જ સાથ સહકાર આપવામાં આવી રહ્યો છે તે ખૂબ જ આનંદની વાત છે.

આવો જ એક શૈક્ષણિક કાર્યક્રમ અમદાવાદ ખાતે ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧૪-૦૯-૨૦૨૫ ના રોજ યોજવામાં આવેલ હતો.

સમસ્ત કંસારા સમાજ સંલગ્ન ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ આયોજિત નવમો વિદ્યાર્થી સત્કાર સમારંભ અમદાવાદ ખાતે શાનદાર રીતે સંપન્ન થયો તે માટે ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ તથા સમસ્ત કંસારા સમાજ તથા શ્રી મહિલા કલ્યાણી ટ્રસ્ટના તમામ કાર્યકરોને અભિનંદન આપીએ છીએ.

આપ સૌ માહિતગાર છો સંસ્થા દ્વારા દર વર્ષે સમાજના તેજસ્વી વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની ઓનું સન્માન કરવામાં આવે છે અને તે રીતે આ નવમો સત્કાર સમારંભનું પરંપરાગત રીતે આયોજન અમદાવાદના મેનેજમેન્ટ એસોસિએશનના હોલમાં કરવામાં આવેલ હતું. અમદાવાદ મેનેજમેન્ટનો હોલ ખૂબ જ મહત્વ ધરાવે છે અને તે હોલમાં ભવિષ્યમાં તેમની કેડી કંડારીને પોતાની કારકિર્દીની તકો પ્રાપ્ત કરવાના છે ત્યારે આ હોલમાં સન્માન પ્રાપ્ત કરવું એ તમામ માટે ગૌરવની ક્ષણ છે.

આપ સૌ જાણો છો કે વિદ્યાર્થીઓનું સન્માન કરવા માટે થઈને સમાજ દ્વારા ૨૦૨૫ ના મે મહિનાથી કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવેલ હતો અને સતત રીતે કંસારા ટાઈમ્સ મારફતે તેજસ્વી વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવેલ હતું.

આ કાર્યક્રમનું આયોજન ડિજિટલ રીતે કરવામાં આવેલ છે અને તે રીતે ટ્રસ્ટ દ્વારા ડિજિટલ રીતે કાર્યક્રમ કરવાનું છેલ્લા બે વર્ષથી ચાલુ કરી દીધેલ છે અને તે માટે યુવાન કાર્યકરોએ સતત તે માટે મહેનત કરી ડિજિટલી ફોર્મ ભરાવીને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરેલ હતા અને તેના પ્રતિસાદરૂપે વિવિધ વિદ્યા શાખાઓમાં અભ્યાસ કરતા મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે માહિતી આપેલ હતી અને તેના આધારે ચકાસણી કરીને ૧૪૪ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનોને સારાય ગુજરાતમાંથી પસંદ કરવામાં આવેલ હતા અને તેઓને ડિજિટલી આમંત્રણ મોકલવામાં આવેલ હતા અને તેમાંથી કુલ ૧૨૨ વિદ્યાર્થી ભાઈ બહેનો એ તેમના વાલીઓ સાથે હાજરી આપેલ હતી જે સંખ્યા ઘણી જ નોંધપાત્ર હતી અને તે વિદ્યાર્થીઓમાં એક જાતનો થનગનાટ તરવરતો હતો.

સંસ્થા દ્વારા આ કાર્યક્રમમાં ઉચ્ચ ઉચ્ચ અભ્યાસ કરીને વિવિધ ક્ષેત્રમાં નામના પ્રાપ્ત કરેલ તેવા મહાનુભાવોને આમંત્રિત કરીને તેમના ક્ષેત્રમાં જે વિશાળ અનુભવો પ્રાપ્ત કરેલ છે તેનાથી વિદ્યાર્થીઓ માહિતગાર થાય અને તેમના અનુભવનું ભાથું પ્રાપ્ત થાય તેથી વિદ્યુત લોકપાલ શ્રી ધર્મેન્દ્રભાઈ પરમાર, નિવૃત વિદ્યુત એન્જિનિયરશ્રી નીતિનભાઈ ઘેલાણી, સંસ્કૃતમાં પી.એચ.ડી. કરેલ શ્રી નિરવભાઈ કંસારા હાજર રહેલ હતા. આ મહાનુભાવો દ્વારા પ્રસંગને અનુરૂપ તેમના વિચારો તેમજ તેમના અનુભવો વ્યક્ત કરેલ હતા અને વિદ્યાર્થી ભાઈ બહેનોને શુભેચ્છાઓ પાઠવેલ હતી. આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે શ્રી હેમંતભાઈ કંસારા જેવો વલસાડ જિલ્લાના ગામ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ છે અને સામાજિક રીતે આપણી કંસારા જ્ઞાતિનું પ્રતિનિધિત્વ કરી રહેલ છે ત્યારે સમાજને એવા વ્યક્તિત્વની જાણ થાય ઓળખ થાય તે હેતુથી તેમની સંમતિ લઈને તેઓને આમંત્રિત કરવામાં આવેલ હતા સંજોગો વસાત તેઓ હાજર રહી શકેલ નથીતમામ આમંત્રિતોની સમયસર હાજરી અને તેના કારણે કાર્યક્રમ સમય ચાલુ થઈ અને પૂર્ણ પણ સમયસર થયેલ હતો તે આ કાર્યક્રમનું ખૂબ જ ઉજળું પાસું છે. કાર્યક્રમ ની સફળતા માટે ભૂ.પ્ર.શ્રી બટુકભાઈ કંસારા, મંત્રી શ્રી હરેશભાઈ કંસારા, ખજાનચી શ્રી માર્કંડભાઈ કંસારા તથા ટ્રસ્ટી શ્રી નિસર્ગ કંસારા તથા શ્રી મેહુલભાઈ ખાખી તથા મનીષભાઈ કંસારા, સુધીરભાઈ, ઉર્વેશ કરથીયા તથા અન્ય કાર્યકરોએ એક ટીમ બનીને આ કાર્યક્રમને સફળ બનાવેલ છે.

ટ્રસ્ટના પ્રમુખશ્રી મણીભાઈ કંસારા નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓ દ્વારા આ કાર્યક્રમ અંગે અવારનવાર સૂચનો કરેલ હતા અને તેમની ઘણી ઈચ્છાઓ હોવા છતાં તેમની નાદુરસ્ત તબિયતના કારણે આ કાર્યક્રમમાં હાજર રહી શકેલ નહોતા.

આ કાર્યક્રમમાં ઉદઘોષક તરીકે શ્રી મિલનભાઈ બુચ તથા જતીનભાઈ ગોરડીયા તથા હિરવા ખાખી દ્વારા ખૂબ જ સુચારી રીતે અને કાર્યક્રમ સમયસર પૂર્ણ થાય તે માટે આયોજનબદ્ધ રીતે કાર્યક્રમનું સંચાલન કરીને આ કાર્યક્રમને સફળ બનાવેલ છે તે માટે તેમને અભિનંદન આપું છું.

# ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ તરફથી વિદ્યાર્થી સન્માન સમારોહ...!

- મિલન બુચની કલમે

નમસ્તે સુજ્ઞ જ્ઞાતિબંધુઓ...!

ધાતુ પરિવાર માને છે કે નાણાં એ જીવન વ્યવહાર માટે જરૂરી તો છે જ પણ નાશવંત પણ છે ...

પણ,

જો વ્યક્તિ જ્ઞાન,વિનય ,સંસ્કારથી અને શિક્ષણથી સમૃદ્ધ હશે તો તે વારસો તેની પછીની પેઢીઓને વારસામાં આપી શકશે. આવા દીર્ઘદ્રષ્ટિ ભર્યા દષ્ટિકોણથી સતત ૯ વર્ષથી ધાતુ પરિવાર મહત્વના શૈક્ષણિક વર્ષોમાં જ્ઞાન, કૌશલ્ય, શિક્ષણને મુખ્ય કેન્દ્રમાં રાખીને સિદ્ધિઓ હાંસલ કરનાર વિધાર્થીઓનું સન્માન કરે છે.

ધાતુ સેવા પરિવાર ટ્રસ્ટ તરફથી એકેડેમિક અને સ્પોર્ટ્સ ક્ષેત્રે કાંઈક વિશેષ પ્રાપ્તિ કરનાર આપણા સમાજના કૂલ ૧૪૪ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓનું વિશિષ્ટ સન્માન કરતો એક ભવ્ય સમારોહ ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ અમદાવાદ ખાતે આયોજિત થયો.

૪૦૦ વ્યક્તિની સીટિંગ કેપેસિટી ધરાવનાર અમદાવાદના પોશ એરિયામાં આવેલા B. K. AUDITORIUM માં ખચાખચ હાજરીમાં જાણે એક ઉત્સવના સ્વરૂપમાં ઉજવાયો અને તેના સાક્ષી બનવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું.

સમારોહમાં ધોરણ ૧૦ ધોરણ ૧૨, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને **sports** ક્ષેત્રે મેળવેલી સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું અદકેરું સન્માન કરવામાં આવ્યું

સવારના ૯ વાગ્યાથી સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનથી આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે સવારના ખુશ્બુદાર ચા અને સ્વાદિષ્ટ અલ્પાહારની વ્યવસ્થા બહુ સુંદર રીતે સચવાણી અને ત્યારબાદ સમયના ટકોરા પર કામ કરવાની ઈચ્છા સાથે સમયસર આશરે ૧૦.૧૫ કલાકે મુખ્ય કાર્યક્રમ મંચસ્થ મહાનુભાવો અને હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય અને શ્લોકગાનથી શરૂ કરવામાં આવ્યો.

સંસ્થાના પૂર્વ પ્રમુખ અને આ કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેનશ્રી બટુકભાઈ દ્વારા વેલકમ સ્પીચથી શરૂઆત કરવામાં આવી કારણ કે પ્રમુખશ્રી મણિભાઈ કંસારા ની નાદુરસ્ત તબિયતને લીધે આવી શકેલા નહીં.

ત્યારબાદ હાજર રહેલા અતિથિવિશેષ એવા વિદ્યુત લોકપાલની મહત્વની પોસ્ટ પર સેવા આપનાર શ્રી ધર્મેન્દ્રભાઈ પરમાર, રિટાયર્ડ ચીફ એન્જિનિયર શ્રી નીતિનભાઈ ઘેલાણી અને સંસ્કૃત વિદ્વાન પ્રોફેસર **M.Phil, Phd** એવા ડૉ શ્રી નીરવકુમાર કંસારાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું અને અતિથિ વિશેષશ્રીઓ દ્વારા પણ સમયાતંરે વિદ્યાર્થીઓ અને હાજર રહેલા વાલીઓને શિક્ષણની અનિવાર્યતા માટેના વિચારો રજૂ કર્યા.

આજે જ્યારે ચાંદીનો ભાવ ૧,૨૫,૦૦૦/ - આસપાસ બોલાય છે ત્યારે શ્રીલક્ષ્મી જેમાં નિવાસ કરે છે તેવા ચાંદીના સિક્કા, રૂા. ૧૦૦૦ નું શિષ્યવૃતિનું કવર અને મેડલથી દરેકે દરેક વિધાર્થી (આશરે ૧૪૪) સન્માનિત થયો.

શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અને તેમના મોવડીમંડળની દીર્ઘદ્રષ્ટિ સમી આ કાર્ય પદ્ધતિથી આપોઆપ નત મસ્તક થઈ જવાયુ.

આયોજકોની મહેનતને લીધે મળેલી કાર્યક્રમની સફળતાને બિરદાવવા હાજર રહેલા તમામ વાલીઓ અને વિધાર્થીઓ દ્વારા **STANDING OVATION** થી અને **NON STOP** તાળીઓના ગડગડાટથી આયોજક સંસ્થા અને તેમની સમગ્ર ટીમને સન્માનિત કરી.

**PERFECT TIME MANGEMENT** પ્રમાણે આ કાર્યક્રમ ૧.૩૦ કલાકે શ્રી હરેશભાઈ કંસારા દ્વારા આભારવિધિ પછી રાષ્ટ્રગાન સાથે સંપન્ન થયો.

સમગ્ર કાર્યક્રમની આ સફળતા સંસ્થાના પ્રમુખશ્રી મણિભાઈ કંસારા, મંત્રીશ્રી હરેશભાઈ કંસારા ખજાનચી શ્રી માર્કંડભાઈ કંસારા, શ્રી મેહુલભાઈ ખાખી, એડવોકેટ શ્રી ભરતભાઈ શેઠ, શ્રી નિસર્ગભાઈ કંસારા, શ્રી હસમુખભાઈ અને તેમની ટીમ દ્વારા ઘણા વખતથી રાત દિ એક કરીને કરેલી મહેનત અને આયોજનને વરેલી છે.

તે ઉપરાંત સંસ્થા માટે રૂા. ૧૫,૦૦૦/- ના **PATRON DONOR** તરીકે મદદ જેમની મળેલી છે તેઓશ્રી તથા **SPONSORSHIP** થી સહકાર આપનાર દરેક દાતાશ્રીઓનો પણ સંસ્થા તરફથી હૃદયપૂર્વક આભાર માન્યો.

સમગ્ર કાર્યક્રમનમના સુચારુ સંચાલન દ્વારા શ્રોતાઓને ઉદઘોષક વેરાવળના મિલન બુચ, સુરેન્દ્રનગરના હીરવા ખાખી અને બરોડાના જતીનભાઈ માવાણીએ બાંધી રાખ્યા.

ત્યારબાદ નિર્ધારિત સમય પ્રમાણે બરાબર ૧.૩૦ કલાકથી આવેલા દરેક વિધાર્થીઓ, વાલીઓ અને આમંત્રિતોએ અતિ સ્વાદિષ્ટ એવા સોડમ સભર મીઠાઈ, ફરસાણ, પૂરી અને અલગ

અલગ વ્યંજનોથી ભરપૂર ભોજનથી પેટ ઠાર્યું.

હવે પછીના દરેક કાર્યક્રમો તેમના નિર્ધારિત સમય સાથે જ કરવા તેવું પણ મોવડીમંડળે નક્કી કર્યું.

આવા સમાજ ઉપયોગી કાર્ય કરતી આપણી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટને આવા ઉમદા કાર્ય માટે શત્ શત્ વંદન સહ સફળતા પ્રાપ્ત કરનાર દરેક વિધાર્થી અને તેમના પરિવારને પણ ખૂબ ખૂબ અભિનંદન સહ ભવિષ્યમાં ઉતરોતર સફળતા પ્રાપ્ત કરી અને પરિવાર અને સમાજની પ્રતિષ્ઠા વધારી અને સમાજ માટે પણ એક જિમ્મેદાર નાગરિક બનો તેવી હાર્દિક શુભકામનાઓ.

- મિલન બુચના જય શ્રી ગોપાલ.

# ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આયોજીત નવમ્ વિદ્યાર્થી સન્માન સમારંભનાં સન્માનનિય અતિથિ વિશેષોનો ટુંકો પરિચય

**(૧) શ્રી હેમંતભાઈ કાંતિલાલ કંસારા,** ધરમપુર પ્રમુખ, ભારતીય જીનતા પાર્ટી (વલસાડ જીલ્લા) ભારતીય જનતા પાર્ટી દ્વારા તેઓની વલસાડ જીલ્લાના પ્રમુખ તરીકે બીજી ટર્મ માટે તેમની નિમણુંક કરવામાં આવેલ છે.

**(૨) શ્રી ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ પરમાર,** અમદાવાદ રિટાયર્ડ વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

ધર્મેન્દ્ર રમેશચંદ્ર પરમાર - પરિચય, જન્મસ્થળ- જામનગર, ધોરણ ૧ થી ૧૦ નો અભ્યાસ જામનગર જીલ્લા ના ગામડામાં પૂરો કર્યો. ધોરણ ૧૧ અને ૧૨- રાજકોટ ની મોહનદાસ ગાંધી વિધાલય માંથી કર્યા બાદ અમદાવાદ ની એલ. ડી. એન્જિનિરીંગ કોલેજ માં ઈલેક્ટ્રિકલ બ્રાન્ચ માં પ્રવેશ લીધો. ૧૯૮૮ માં એન્જિનિરીંગ પૂરું કરીને તુર્તજ અમદાવાદ ના સાબરમતી પાવર સ્ટેશન માં એપ્રેન્ટિસશીપ કરી અને જુલાઈ ૧૯૮૯ થી અમદાવાદ ઈલેક્ટ્રિક કંપની માં વીજળીઘર- લાલ દરવાજા ઓફિસ માં સહાયક ઈજનેર તરીકે કારકિર્દી ની શરૂઆત કરી.

૧૯૯૫ માં **USAID** દ્વારા **USA** ની ઈલેક્ટ્રિક કંપનીમાં ૬ માસ કામ કરવાની તક મળી હતી. ત્યાં થી પાછા ફર્યા બાદ ગુજરાત યુનિવર્સિટી ના બી કે સ્કૂલ માં થી **MBA** નો અભ્યાસ પૂર્ણ કરેલ. ૨૦૦૧ માં ગુજરાત રાજ્ય દ્વારા સ્થાપેલ નવા વિદ્યુત નિયંત્રક આયોગ માં નાયબ નિયામક તરીકે નિમણૂક થયેલ. દરમ્યાન **World Bank** દ્વારા ૩ અઠવાડિયા માટે યુનિવર્સિટી ઓફ ફ્લોરિડા માં અભ્યાસ માટે ની પસંદગી ૨૦૦૫ માં થયેલ હતી. ૨૦૧૪ થી ૨૦૧૬ ના બે વર્ષ માટે ભારત સરકારના કેન્દ્રશાસિત પ્રદેશો માટે ના વિદ્યુત આયોગ માં નિયામક તરીકે ગુરુગ્રામ ખાતે સેવાઓ આપેલ. ડિસેમ્બર ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૨ સુધી ગુજરાત રાજ્ય ના વિદ્યુત લોકપાલ તરીકે કાર્યભાર સંભાળ્યો. હાલ માં ૩૧મી મે ૨૦૨૫ ના રોજ નિયામક તરીકે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ માં થી સેવા નિવૃત્ત થયેલ છે. ધર્મપત્ની શોભા, જામનગર ના એન. એલ. વકીલ પરિવારમાંથી છે. બન્ને સંતાનો- દીકરો અને દીકરી હાલમાં કેનેડામાં સ્થાયી છે.

**(૩) શ્રી નિતિનભાઇ ચીમનલાલ ઘેલાણી,** રાજકોટ રિટાયર્ડ ચીફ ઈજનેર (ટેકનીકલ), પી.જી.વી.સી.એલ., રાજકોટ.

નામ : નીતિન ચીમનલાલ ઘેલાણી, ઉંમરઃ ૫૯ વર્ષ, શિક્ષણઃ બી.ઈ. ઇલેક્ટ્રિકલ, એલ. ઈ. કોલેજ, મોરબી, વર્ષ ૧૯૮૭,

વ્યવસાયિક કારકિર્દી : વર્ષ ૧૯૮૮માં ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ **(G.E.B.)**માં જામખંભાળિયા ખાતે જુનિયર ઈજનેર તરીકે કારકિર્દીની શરૂઆત. ૩૬ વર્ષની લાંબી સેવા દરમિયાન વિવિધ પદો પર પ્રમોશન : ડેપ્યુટી ઈજનેર, એક્ઝિક્યુટિવ ઈજનેર, સુપરિન્ટેન્ડિંગ ઈજનેર, એડિશનલ ચીફ ઈજનેર, તરીકે જામનગર, ખંભાળિયા, જસદણ, જેતપુર, સુરેન્દ્રનગર અને રાજકોટ જેવા વિવિધ સ્થળોએ સેવા આપી. અંતે, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ **(PGVCL)**, રાજકોટ ખાતે ચીફ ઈજનેર (ટેકનિકલ) તરીકે સેવા આપી ૩૦-૦૯-૨૦૨૪ના રોજ ચીફ ઈજનેર (ટેકનિકલ), રાજકોટ તરીકે સેવામાંથી નિવૃત્ત.

**(૪) શ્રી ડૉ. નિરવકુમાર રસિકલાલ કંસારા,** પાલનપુર (વિસનગર) તેઓ સંસ્કૃત ભાષાના તજજ્ઞ **B.A., B.ed., M.A, M-Phil, Ph.D.** સંસ્કૃત વિષય સાથે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ હાલમાં પાલનપુર ખાતે પરીખ આર્ટસ કોલેજ ખાતે આસીસટન્ટ પ્રોફેસર તરીકે સેવાઓ આપે છે, તે ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાશાખામાં પણ સંસ્કૃત ભાષામાં **P.G.** ટીચર તરીકે સેવાઓ આપે છે. તે ઉપરાંત, કોન્ફરન્સ ખાતે રીસર્ચ પેપરો પણ રજુ કર્યા છે અને રાષ્ટ્રીય કક્ષાએ પુસ્તક પણ લખેલ છે.

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

## શ્રી ધાતુ સેવા ટ્રસ્ટ દ્વારા

# વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનો સન્માન સમારંભ-૨૦૨૫

### ધોરણ-૧૦ ના તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી

| Name | MARKS OBTAINED | MARKS TOTAL | Percentage (%) | Board | City |
|---|---|---|---|---|---|
| પ્રથમ સચીન દંગી | 492 | 500 | 98.40 | CBSE | સુરત |
| જય કીરણકુમાર મોદી | 577 | 600 | 96.17 | Gujarat | સુરત |
| સોલંકી નીર દર્શનકુમાર | 575 | 600 | 95.83 | Gujarat | ભુજ |
| પર્વ પ્રફુલભાઈ સોની | 573 | 600 | 95.50 | Gujarat | ભુજ |
| સોની એશા સતીષભાઈ | 572 | 600 | 95.33 | Gujarat | ભુજ |
| ચીતલીયા બંસી પ્રફુલકુમાર | 571 | 600 | 95.17 | Gujarat | વઢવાણ સીટી |
| માવાણી હેતવી ચિરાગભાઈ | 569 | 600 | 94.83 | Gujarat | ગઢડા |
| ક્રિષા ચંદ્રેશકુમાર કંસારા | 568 | 600 | 94.67 | Gujarat | સુરત |
| મૌનીશ મયુર જાપડીયા | 473 | 500 | 94.60 | CBSE | અમદાવાદ |
| રાજવી રાકેશ કંસારા | 567 | 600 | 94.50 | Gujarat | અમદાવાદ |
| ગોરખીયા નિકુંજ ભરતભાઈ | 566 | 600 | 94.33 | Gujarat | અમરેલી |
| વેદાંત કીર્તિભાઈ પીતલીયા | 565 | 600 | 94.17 | Gujarat | સુરેન્દ્રનગર |
| શ્લોક અશ્વિનભાઈ સોલંકી | 565 | 600 | 94.17 | Gujarat | ગોંડલ |
| દંગી અદીતી અગ્નિકુમાર | 563 | 600 | 93.83 | Gujarat | સુરેન્દ્રનગર |
| માવાણી શ્યામા દીપકભાઈ | 560 | 600 | 93.33 | Gujarat | સુરેન્દ્રનગર |
| ગોરડીયા ધાર્મી હીતેનકુમાર | 560 | 600 | 93.33 | Gujarat | ભાવનગર |
| ખુશી મીલન બુચ | 559 | 600 | 93.17 | Gujarat | વેરાવળ |
| ચાર્મી પ્રણવ કંસારા | 928 | 1000 | 92.80 | CISCE, New Delhi | નડિયાદ |
| કંસારા જૈનીલ અંકિતકુમાર | 556 | 600 | 92.67 | Gujarat | ગાંધીનગર |
| મલંક મૌલીક બારમેડા | 462 | 500 | 92.40 | CBSE | અંજાર |
| ધ્રુવાંશી કૌશલ શેઠ | 554 | 600 | 92.33 | Gujarat | અંજાર |
| શીવેન નિખીલ બુધ્ધભટ્ટી | 554 | 600 | 92.33 | Gujarat | જામનગર |
| કવીશ જયેશ કંસારા | 461 | 500 | 92.20 | CBSE board | બેંગ્લોર |
| બીજલાની મનન હીરેનભાઈ | 553 | 600 | 92.17 | Gujarat | ભુજ |
| સોલંકી દ્રષ્ટી દીપેશભાઈ | 550 | 600 | 91.67 | NCERT | મેંદરડા |
| કંસારા પરમ વિપુલભાઈ | 549 | 600 | 91.50 | Gujarat | અમદાવાદ |
| બુસા પ્રાચી ચિરાગકુમાર | 548 | 600 | 91.33 | Gujarat | ભાવનગર |
| રીશીતા ભાવીકભાઈ પરમાર | 548 | 600 | 91.33 | Gujarat | અમદાવાદ |
| દીવા ભાવીક કંસારા | 456 | 500 | 91.20 | CBSE | અમદાવાદ |
| પ્રાચી ભાર્ગવ ગોરડીયા | 456 | 500 | 91.20 | CBSE | આણંદ |
| પુષ્ટી દીવ્યેશભાઈ લાલાણી | 547 | 600 | 91.17 | Gujarat | રાજકોટ |
| મેઘાણી તીર્થ રાજેશ | 543 | 600 | 90.50 | Gujarat | રાજકોટ |
| જીયા કનૈયાલાલ કંસારા | 452 | 500 | 90.40 | CBSE | સુરત |
| કંસારા દેવ કમલેશકુમાર | 542 | 600 | 90.33 | Gujarat | સુરત |
| ધ્રુવી પ્રશાંતભાઈ માવાણી | 541 | 600 | 90.17 | Gujarat | ભાવનગર |
| મેવચા ભવ્યા હીમાંશુભાઈ | 541 | 600 | 90.17 | Gujarat | કોલકી, ઉપલેટા રાજકોટ |
| કંસારા શુભ દીપકભાઈ | 539 | 600 | 89.83 | Gujarat | અમદાવાદ |
| કડવાણી પુષ્ટી અજયભાઈ | 539 | 600 | 89.83 | Gujarat | સાવરકુંડલા |
| કંસારા શુભ દીપનકુમાર | 539 | 600 | 89.83 | Gujarat | અમદાવાદ |
| નેત્ર હરકાન્ત કંસારા | 449 | 500 | 89.80 | CBSE | વાપી |
| કંસારા નિધી રાજેન્દ્રકુમાર | 449 | 500 | 89.80 | Maharashtra | ભાયંદર |
| શેઠ ઉર્વી ભર્દેશભાઈ | 537 | 600 | 89.50 | Gujarat | અમદાવાદ |

## ધોરણ-૧૨ (કોમર્સ)ના તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી

| Name | MARKS OBTAINED | MARKS TOTAL | Percentage (%) | Board | City |
|---|---|---|---|---|---|
| ધ્રુવ જીતેન બુધ્ધભટ્ટી | 661 | 700 | 94.43 | Gujarat | ભુજ |
| કંસારા માલવ અજીતકુમાર | 702 | 750 | 93.60 | Gujarat | વડોદરા |
| વૃંદા અમર કંસારા | 691 | 750 | 92.13 | Gujarat | વડોદરા |
| કંસારા દીયા ઉમંગ | 639 | 700 | 91.29 | Gujarat | અમદાવાદ |
| ગ્લોરીયા નીતીન ભુત | 454 | 500 | 90.80 | CBSE | જામનગર |
| પ્રિયાંશી ખાખી | 635 | 700 | 90.71 | Gujarat | અમદાવાદ |
| પરમાર પરમ પીયુષભાઈ | 635 | 700 | 90.71 | Gujarat | જામનગર |
| દંગી ધ્યેય મુકેશભાઈ | 635 | 700 | 90.71 | Gujarat | સુરેન્દ્રનગર |
| દંગી ધૈર્ય રવીન્દ્રભાઈ | 634 | 700 | 90.57 | Gujarat | રાજકોટ |
| શેઠ ધાર્મીન હર્ષદભાઈ | 633 | 700 | 90.43 | Gujarat | મોરબી |
| ગ્રીસા કંસારા | 451 | 500 | 90.20 | CBSE | નવસારી |
| કૃતીકા પંચમ બુધ્ધભટ્ટી | 631 | 700 | 90.14 | Gujarat | ભુજ |
| વંશી મીતેશ કડવાણી | 447 | 500 | 89.40 | CBSE | પુણે |

## ધોરણ-૧૨ (સાયન્સ)ના તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી

| Name | MARKS OBTAINED | MARKS TOTAL | Percentage (%) | Board | City |
|---|---|---|---|---|---|
| હરી યશપાલ શેઠ | 489 | 500 | 97.80 | CBSE | વડોદરા |
| યેશા ચેતન કંસારા | 650 | 700 | 92.86 | Gujarat | ખંભાત |
| નીલ ખાખી | 459 | 500 | 91.80 | CBSE | Abu Dhabi - United Arab Emirates |
| બારમેડા ધ્રુવ હીતેશભાઈ | 579 | 650 | 89.08 | Gujarat | નખત્રાણા |

## ધોરણ-૧૨+૪ ના તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી

| Name | SPECIALIZATION | Board | City |
|---|---|---|---|
| ચૈતન્ય મેહુલ પરમાર | Computer Engineering | GTU | અમદાવાદ |
| દેવ મેહુલકુમાર કંસારા | BE- Information Technology | Charutar Vidhya Mandal University | ખંભાત |
| જાનવી ભાવેશ મેવચા | B.Ed | Gujarat University | ભુચ-કચ્છ |
| સોની અક્ષત હીરેનભાઈ | Automobile | Marwadi University | ભુજ |
| સુજય અનુપ કંસારા (કલાઈગર) | B.LLB | Sarvajanik University | સુરત |
| જશ કરથીયા | Computer engineering | Marwadi University | રાજકોટ |
| ખોખરા શ્રેય ચંદ્રકાંતભાઈ | B.Ed | Saurashtra University | રાજકોટ |
| કશીશ અજીત કંસારા | Computer Engineering | Charutar Vidya Mandal University | વડોદરા |
| લાલાણી રોનીત વિપુલભાઈ | Information Technology | GTU | અમદાવાદ |
| કર્તવી કંસારા | Law | Gujarat University | ખંભાત |
| અંશ હેમંતકુમાર કંસારા | Bachelor's of Technology in Information Technology | Parul University | વડોદરા |
| હેત ખાખી | Bachelor's of Technology in Information Technology | Silver Oak University | અમદાવાદ |
| આર્યા અશોક કંસારા | Information Technology | GTU | અમદાવાદ |
| કીર્તન શેઠ | Computer Engineering | Marwadi University | સુરેન્દ્રનગર |
| નિસર્ગ શાહ | Mechanical Engineering | GTU | વડોદરા |
| કંસારા સાહીલ તરુણકુમાર | M.B.B.S. | Hemchandracharya North Gujarat University | હિંમતનગર |
| નિસર્ગ રાકેશ કંસારા | Computer Engineering | GTU | અમદાવાદ |
| બુધ વિશાલ ઈલેશભાઈ | Civil Engineering | GTU | અમદાવાદ |
| વિશ્વ ધર્મેન્દ્રકુમાર દંગી | Information and Communication Technology | Adani Institute of Infrastructure and Engineering, Ahmedabad | સુરેન્દ્રનગર |

| | | | |
|---|---|---|---|
| સોલંકી નૈતિક કલ્પેશભાઈ | Pharmacy student | GTU | અમદાવાદ |
| દંગી ગોપી મહેશકુમાર | Bacheloor of Physiotherapyy (BPT) | Gujarat University | અમદાવાદ |
| પ્રિન્સી કીરીટકુમાર સંઘવી | Bachelors of physiotherapy | Sardar Patel University | આણંદ |
| કરથીયા દેવાક પ્રવિણચંદ્ર | Electrical Engineering | Nirma University | અમદાવાદ |
| કલ્પ નૈનેશકુમાર કંસારા | EC | MNIT Jaipur | મોડાસા |
| આયુષી પ્રવિણચંદ્ર ખાખી | Direct Degree Course in Homoepathic Medicine and Surgery | Sardar Patel University | સુરેન્દ્રનગર |
| મીત નિકુંજભાઈ દંગી | B.TTECH. in Information Technology | GTU | રાજકોટ |
| કંસારા મૌર્યાન પ્રફુલભાઈ | Computer Engineering | Indus University | અમદાવાદ |
| માવાણી રીયા કીરીટભાઈ | Bachelor of Physiotherapy (BPT) | Marwadi University | રાજકોટ |
| શુચી હીતેશકુમાર કરથીયા | Electronics and Communication | Charusat University | સુરેન્દ્રનગર |

## પોસ્ટ ગ્રેજ્યુએટ ના તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી

| Name | SPECIALIZATION | Board | City |
|---|---|---|---|
| જપન બિંદેશભાઈ કંસારા | MCA | CHARUSAT University | નડિયાદ |
| કાગડા માનષી પિયુશભાઈ | Master's in computer application | Sardar Vallabhbhai GlobalUniversity | અમદાવાદ |
| જાનકી એન. ગોરડીયા | MBA (International Business) | Gujarat Technological University | અમદાવાદ |
| તેજશ | MD Ayurveda and Panchakarma | Gujarat Ayurveda University | સુરત |
| કંસારા માનશી પુનીતકુમાર | Ph.D in education | Sardar Patel University | આણંદ |
| અંકીત કમલેશભાઈ ચિતલીયા | Chartered Accountant | ICAI | રાજકોટ |
| નંદીની બુધ્ધ | M. Sc. (IT & CA) | Saurashtra University | જામનગર |
| કુશલ હીતેશ પોમલ | Chartered accountant (CA) | ICAI | અમદાવાદ |
| રાજવી નરેશકુમાર દંગી | M S General Surgery | Gujarat University | અમદાવાદ |
| દિપકુમાર નવનીતરાય માવાણી | LLM Business Law | Sardar Patel University | વડોદરા |
| વિધી યોગેશકુમાર માવાણી | MBA in Marketing | Charotar university of science and technology | મેમદાવાદ |
| માવાણી અવની બાલકૃષ્ણભાઈ | L L.b | Saurashtra University | સુરેન્દ્રનગર |
| ધ્રુવી હીમાંશુ પંચીગર | M. Tech. (Mechanical) | IIT Kanpur | સુરત |
| સાગર મુકેશકુમાર શેઠ | MS ( ENT ) | Veer Narmad South Gujarat University | અમદાવાદ |
| ઋષી યોગેશભાઈ દંગી | Chartered Accountant (CA) - Accounts & Finance | ICAI | સુરેન્દ્રનગર |
| મહેક શેઠ | Chartered accountant | ICAI | રાજકોટ |
| પાર્થ હરિશભાઈ દંગી | M. Tech. (Microelectronics) | Manipal Institute of Technology, Manipal | અમદાવાદ |
| વંશીતા તુષારકુમાર કંસારા | M. Com | Sardar Patel University | નડિયાદ |
| ગોરડીયા સ્વાતી અતુલભાઈ | B.ed with Account | Saurashtra University | શિહોર |
| ડૉ. જાનકી કંસારા | PHD in Banking & Finance | MS University | વડોદરા |
| ગોરડીયા પ્રીયા મનોજભાઈ | MPT in Orthopaedic | Gujarat University | અમદાવાદ |
| દંગી યાત્રી નરેશભાઈ | Masters in Architecture (Landscape Architecture) | Delhi University | દિલ્હી |
| દર્શન ભદ્રેશકુમાર કંસારા | Master of Applied Computer Science | Concordia University, . Montreal Canada | Montreal , Canada |
| ડૉ. લાલાણી હેતવી જયેશ (PT) | Master of Physiotherapy | Gujarat university | અમદાવાદ |
| તન્વી મનિષભાઈ કાણકીયા | Master of Physiotherapy in Neurosciences | Gujarat university | અમદાવાદ |
| જયકીશન કેતનભાઈ કંસારા | Construction Management | Purdue University | West Lafayette |

| | | | |
|---|---|---|---|
| આદીત્ય હીતેશભાઈ કંસારા | M. Tech. (Computer Science & Engineering) | IIT, Bombay | અમદાવાદ |
| પુજા જયેન્દ્રભાઈ ભુત | Chartered accountant | ICAI | અમદાવાદ |
| કશ્યપ અશ્વિનકુમાર પંચીગર | Health Care Management | Cap Breton University | Sidney, Nova Scotia,Canada. |
| ડૉ. તેજશ સંતોષકુમાર કંસારા | MD Immunohematology & blood transfusion (IHBT) | Veer Narmad South Gujarat University | કરસમદ |
| રીધમ મહેશભાઈ બુચ | Chartered Accountant | ICAI | ભાવનગર |
| નિરવ સુરેશકુમાર દંગી | Biomaterials and Chemical Laboratory Analysis Applied Science | Lambton University | Sarnia, Ontario, Canada |
| રોકડીયા નિખીલકુમાર હેમંતભાઈ | PHD in Human Resource Management | RK University | રાજકોટ |
| શેઠ હર્ષ યોગેશ | LLB | Gujarat University | અમદાવાદ |
| શ્રીના રૂપલકુમાર કંસારા | MSW (Human Resource) | Charutar Vidya Mandal | નડીયાદ |
| કંસારા નિયતી જયંતકુમાર | M. A. (English) | HNGU University | વિસનગર |
| કંસારા સેફાલી યજ્ઞેશકુમાર | B.ED (Bachelor of Education) | Gujarat University | નડીયાદ |
| જીલ કંસારા | MS ( Bio-medical Engineering) | Florida Institute of Technology | Melbourne, FL. |
| સોની ભાગ્યશ્રી નવિનકુમાર | B. Ed. | Saurashtra University | આદીપુર |
| સોની કીશન રમેશભાઈ | M. Sc. (Mathematics) | The Maharaja Sayajirao University of Baroda | નખત્રાણ |
| બુધ્ધભટ્ટી સુમીત | Master of Science in Chemistry | Krantiguru Shyamji Krishna Verma Kachchh University | ભુજ |
| કુશ જીતેન્દ્ર પરમાર | Master's in Science and Information and technology | LDRP Institute os Science and Research | વલસાડ |
| હની મનિષભાઈ ખાખી | Finance | Marwadi University | રાજકોટ |
| દીપેશ દીલીપકુમાર સોલંકી | MBA - Finance | Narsee Monjee Institute Of Management Studies (Mumbai) | જામનગર |
| લાલાણી બ્રિજેશ વિનેશભાઈ | LL. B. | Gujarat University | ધંધુકા |
| પ્રાંજલ કલ્પેશભાઈ કંસારા | M.SC (Home Science) | Sardar Patel University | નડિયાદ |
| દેવાંશ પ્રણવ કંસારા | Software | University of Waterloo | Waterloo |
| કરણ કેતન દામાણીયા | Biotechnology | Parul University | નવસારી |
| કાગડા રૂત્વી યજ્ઞેશભાઈ | MBA -IT | Symbiosis International University | રાજકોટ |
| શ્રુતી અમીત વાસણવાળા | Cyber security and threat management | Seneca polytechnic | Toronto, Ontario, Canada |
| વિશ્વા બીરજુ કંસારા | Wireless In Networking | Canada | Peterborough Canada |
| કરથીયા હીમાની રાજેશભાઈ | M. Com | Saurastra University | વઢવાણ |
| શેઠ વત્સલ ભરતભાઈ | LLB | Gujarat University | અમદાવાદ |

## વિશિષ્ટ સિધ્ધીઓ

| Name | Board | City | Short Description |
|---|---|---|---|
| વંશી મીતેશ કડવાણી | 68th National School Games Federation of India | પૂના | Second Position with Silver Medal (Team Points 3828) |
| કંસારા રીયા કૌશલ | Akhil Gujarat Sangeet Vidhyapith | અમદાવાદ | Harmonium - 305, Vocal - 300 - Visharad in Vocal 7 Years Course Completed |
| દંગી નિશાબેન નરેશભાઈ | Maharaja Krishnakumarsinhji Bhavnagar University | ભાવનગર | Diploma in Yoga |
| બળવંતભાઈ પાવાગઢી | | અમદાવાદ | International Table Tennis Player |

# ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અમદાવાદ આયોજિત નવમ્ વિદ્યાર્થી સન્માન સમારંભ-૨૦૨૫ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ આવેલ શુભેચ્છા ભેટની યાદી

| ક્રમ | રકમ(રૂા.) | નામ | શહેર |
|---|---|---|---|
| ૧ | ૩૧૦૦૦ | મણિલાલ ભીખાલાલ કંસારા | અમદાવાદ |
| ૨ | ૨૫૦૦૦ | બટુકભાઈ વ્રજલાલ કંસારા | અમદાવાદ |
| ૩ | ૧૧૦૦૦ | અનિરુદ્ધભાઈ પાનાચંદ કંસારા | અમદાવાદ |
| ૪ | ૧૧૦૦૦ | કંસારા હરેશભાઈ શાંતિલાલ | મહેસાણા |
| ૫ | ૧૧૦૦૦ | નિતીનભાઈ ચીમનલાલ ઘેલાણી | રાજકોટ |
| ૬ | ૭૫૦૧ | નિસર્ગભાઈ રાજેશભાઈ કંસારા | અમદાવાદ |
| ૭ | ૭૫૦૦ | મેહુલભાઈ નટવરલાલ ખાખી | અમદાવાદ |
| ૮ | ૭૫૦૦ | ભરતભાઈ છોટાલાલ શેઠ | અમદાવાદ |
| ૯ | ૫૧૦૦ | હિતેશભાઈ મનહરલાલ પોમલ | અમદાવાદ |
| ૧૦ | ૫૦૦૧ | વિજયભાઈ આઈ. કંસારા | ગાંધીનગર |
| ૧૧ | ૫૦૦૦ | જશુબેન ચીમનલાલ કંસારા | મહેસાણા |
| ૧૨ | ૫૦૦૦ | અમિતભાઈ કૃષ્ણકાંતભાઈ કંસારા | ખંભાત |
| ૧૩ | ૫૦૦૦ | કંસારા ઊર્મિલાબેન વસંતલાલ પાવાગઢી | વડોદરા |
| ૧૪ | ૫૦૦૦ | કંસારા માર્કંડભાઈ હરગોવિંદદાસ | અમદાવાદ |
| ૧૫ | ૫૦૦૦ | કંસારા સુરેશભાઈ નંદલાલ | અમદાવાદ |
| ૧૬ | ૫૦૦૦ | સ્વ. રસીકલાલ આણંદરાય કંસારા - હસ્તે ડૉ. નિરવ કંસારા (પાલનપુર) | વિસનગર |
| ૧૭ | ૫૦૦૦ | કંસારા બળવંતભાઈ જગજીવનભાઈ પાવાગઢી | અમદાવાદ |
| ૧૮ | ૩૦૦૦ | ચંદ્રકાંત કે. કંસારા | નડિયાદ |
| ૧૯ | ૨૫૧૧ | કૃષ્ણકાંત મોહનલાલ માવાણી | રાજકોટ |
| ૨૦ | ૨૫૦૦ | શ્રી સૌરાષ્ટ્ર મારુ કંસારા મંડળ - | અમદાવાદ |
| ૨૧ | ૨૫૦૦ | ડૉ. ઉપેન્દ્રભાઈ કલાઈગર | સુરત |
| ૨૨ | ૨૫૦૦ | ઉર્વિશભાઈ મનસુખલાલ કરથિયા | અમદાવાદ |
| ૨૩ | ૨૧૦૦ | કંસારા મનીષકુમાર ભરતભાઈ | અમદાવાદ |
| ૨૪ | ૨૧૦૦ | કંસારા તરુણભાઈ મણિલાલ | અમદાવાદ |
| ૨૫ | ૨૧૦૦ | રોકડીયા હેમંતભાઈ રસિકલાલ | ભાવનગર |
| ૨૬ | ૨૧૦૦ | કંસારા દામોદરભાઈ પોપટલાલ સોલંકી - હસ્તે કલ્પેશભાઈ | જામનગર |
| ૨૭ | ૨૧૦૦ | ધર્મેન્દ્રભાઈ રમેશચંદ્ર પરમાર | અમદાવાદ |
| ૨૮ | ૨૦૦૦ | પ્રવિણભાઈ ચીમનભાઈ ખાખી | લીંબડી |
| ૨૯ | ૧૫૦૧ | મુકુંદભાઈ જે પરમાર | અમદાવાદ |
| ૩૦ | ૧૧૧૧ | મયુરભાઈ અવંતીલાલ ઝાપડીયા | અમદાવાદ |
| ૩૧ | ૧૧૧૧ | વિપુલ અવંતીલાલ કંસારા | અમદાવાદ |
| ૩૨ | ૧૧૧૧ | હસમુખભાઈ કૃષ્ણલાલ માવાણી | અમદાવાદ |
| ૩૩ | ૧૧૧૧ | પ્રવિણભાઈ શાંતિલાલ કંસારા | ધ્રાંગધ્રા |
| ૩૪ | ૧૧૦૦ | પ્રેમલતાબેન પ્રફુલભાઈ ખોખરા | જોરાવરનગર |
| ૩૫ | ૧૧૦૦ | ઉષાબેન બી ચોગાનવાલા | અમદાવાદ |
| ૩૬ | ૧૧૦૦ | રાજેશભાઈ અશોકભાઈ કંસારા | સુરત |
| ૩૭ | ૧૧૦૦ | કંસારા ચંદુલાલ મોહનલાલ ગોરડીયા | શિહોર અમદાવાદ |
| ૩૮ | ૧૧૦૦ | કંસારા લક્ષ્મીચંદ વલ્લભદાસ દુધેલા | તળાજા |
| ૩૯ | ૧૧૦૦ | હસમુખભાઈ રતિલાલ કંસારા | અમદાવાદ |
| ૪૦ | ૧૧૦૦ | શ્રી કચ્છી મારુ કંસારા સોની જ્ઞાતિ મંડળ | અમદાવાદ |
| ૪૧ | ૧૦૦૧ | ઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ | અમદાવાદ |
| ૪૨ | ૧૦૦૧ | સ્વ. પિનાકીનભાઈ નટવરલાલ કંસારા | ઉમરેઠ |
| ૪૩ | ૧૦૦૧ | ભોગીલાલ જમનાદાસ કંસારા | અમદાવાદ |
| ૪૪ | ૧૦૦૦ | રમેશભાઈ નટવરલાલ શેઠ | અમદાવાદ |
| ૪૫ | ૧૦૦૦ | હેમાલીબેન અશ્વિનભાઈ પચ્ચીગર | સુરત |
| ૪૬ | ૧૦૦૦ | સ્વ. કેતનભાઈ કૃષ્ણકાંતભાઈ કંસારા હસ્તે જયકીશન | વાપી |
| ૪૭ | ૧૦૦૦ | પુરુષોત્તમદાસ નંદલાલ કંસારા | સાણંદ |
| ૪૮ | ૧૦૦૦ | ચેતનભાઈ બંસીલાલ કંસારા | ખંભાત |
| ૪૯ | ૧૦૦૦ | કંસારા ભરતભાઈ ચિમનલાલ | વિસનગર |
| ૫૦ | ૧૦૦૦ | હિમાંશુ હસમુખભાઈ પચ્ચીગર | સુરત |
| ૫૧ | ૧૦૦૦ | કંસારા જયંતીલાલ ગોકલદાસ હસ્તે નિમેશભાઈ | ધારી |
| ૫૨ | ૧૦૦૦ | અમિતભાઈ બિપીનચંદ્ર વાસણવાળા | સુરત |
| ૫૩ | ૧૦૦૦ | ભાવિકભાઈ કિરીટભાઈ પરમાર | જુનાગઢ |
| ૫૪ | ૫૦૧ | સ્વાતિ અતુલભાઈ ગોરડીયા | સિહોર |
| ૫૫ | ૫૦૧ | હરિભાઈ શાંતિલાલ સોલંકી | મેંદરડા |
| ૫૬ | ૫૦૧ | મહેન્દ્રભાઈ વૃજલાલ કંસારા | અમદાવાદ |
| ૫૭ | ૫૦૦ | કલ્પ નૈમેષભાઈ કંસારા | મોડાસા |
| ૫૮ | ૫૦૦ | હિતેન્દ્રભાઈ વસંતલાલ કંસારા | અમદાવાદ |
| ૫૯ | ૫૦૦ | હરગોવીંદદાસ કાળીદાસ કંસારા | જોડિયા |
| ૬૦ | ૫૦૦ | રાજુભાઈ રસિકલાલ ખાખી | વડોદરા |
| ૬૧ | ૫૦૦ | નવનીત ટ્રેડર્સ (હર્ષદભાઈ ગોપાલદાસ કંસારા) | અમદાવાદ |
| ૬૨ | ૫૦૦ | પ્રવીણચંદ્ર ચીમનલાલ કંસારા | વઢવાણ |
| ૬૩ | ૫૦૦ | દિવ્યેશભાઈ જયંતીલાલ લાલાણી | રાજકોટ |
| ૬૪ | ૫૦૦ | નિકુંજ જયેશભાઈ લાલાણી | રાજકોટ |
| ૬૫ | ૫૦૦ | નાનજીભાઈ ત્રિભોવનદાસ કંસારા | વઢવાણ |
| ૬૬ | ૨૦૧ | અનિલભાઈ રતિલાલ કંસારા | નડિયાદ |
| ૬૭ | ૫૦૦ | પરમાર ઈન્દુલાલ ચુનિલાલ | અમદાવાદ |
| | ૨,૧૫,૪૬૫ | | |

## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અમદાવાદ આયોજિત નવમ્ વિદ્યાર્થી સન્માન સમારંભ-૨૦૨૫ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ આવેલ સ્કોલરશિપ ફંડની યાદી

| ક્રમ | રકમ | નામ | શહેર |
|---|---|---|---|
| ૧ | ૫૦૦૦૦ | કંસારા ઈન્દ્રવદનભાઈ અંબાલાલ<br>હસ્તે ડૉ. ઈક્ષ્વાકુ ઈન્દ્રવદનભાઈ કંસારા (મુંબઈ) | અમદાવાદ<br>(માણસા) |
| ૨ | ૧૫૦૦૦ | C.A. જીગરભાઈ મયુરભાઈ કંસારા | અમદાવાદ |
| ૩ | ૧૫૦૦૦ | કંસારા મનોજકુમાર કનૈયાલાલ | અમદાવાદ |
| ૪ | ૧૫૦૦૦ | વૈભવી હર્ષદભાઈ ગોરડીયા<br>હસ્તે ડૉ. હર્ષદભાઈ ગોરડીયા | અમદાવાદ |
| ૫ | ૧૫૦૦૦ | રમેશચંદ્ર નંદલાલ પરમાર<br>હસ્તે રજનીભાઈ રમેશભાઈ પરમાર | અમદાવાદ |
| ૬ | ૧૫૦૦૦ | મનહરલાલ મોહનલાલ સંઘવી<br>હસ્તે રાજેન્દ્રભાઈ મનહરલાલ સંઘવી | ભરૂચ |
| ૭ | ૧૫૦૦૦ | છાયાબેન હસમુખલાલ ખાખી<br>હસ્તે હસમુખભાઈ લાલજીભાઈ ખાખી | અમદાવાદ |
| ૮ | ૧૫૦૦૦ | પ્રવિણભાઈ વલ્લભદાસ કંસારા<br>હસ્તે મિહિર પી. કંસારા | અમદાવાદ<br>(મોરબી) |
| ૯ | ૧૫૦૦૦ | છબીલદાસ કાનજીભાઈ કંસારા<br>હસ્તે યોગેશભાઈ કંસારા | વિરમગામ |
| ૧૦ | ૧૫૦૦૦ | નિસર્ગ હરેશભાઈ કંસારા<br>હસ્તે હરેશભાઈ બાબુલાલ દંગી | અમદાવાદ |
| | ૧,૮૫,૦૦૦ | | |

## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અમદાવાદ આયોજિત નવમ્ વિદ્યાર્થી સન્માન સમારંભ-૨૦૨૫ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ આવેલ વિદ્યાર્થીને આપેલ રૂા. ૧૦૦૦ સ્કોલરશીપ પેટે

| ક્રમ | રકમ | નામ | શહેર |
|---|---|---|---|
| ૧ | ૨૫૦૦ | કંસારા ઈન્દ્રવદનભાઈ અંબાલાલ<br>હસ્તે ડૉ. ઈક્ષ્વાકુ ઈન્દ્રવદનભાઈ કંસારા (મુંબઈ) | અમદાવાદ<br>(માણસા) |
| ૨ | ૧૦૦૦ | છાયાબેન હસમુખલાલ ખાખી<br>હસ્તે હસમુખભાઈ લાલજીભાઈ ખાખી | અમદાવાદ |
| ૩ | ૧૦૦૦ | પ્રવિણભાઈ વલ્લભદાસ કંસારા<br>હસ્તે મિહિર પી. કંસારા | અમદાવાદ<br>(મોરબી) |
| ૪ | ૧૦૦૦ | હિમ્મતલાલ છોટાલાલ શેઠ | અમદાવાદ |
| | ૫,૫૦૦ | | |

### An Encouraging Scholarship for Our Community's Brightest Students

With immense pride and a deep commitment to the future of our Kansara Samaj, Dr. Ikshvaku Indravadan Kansara Ph.D and Smt. Hetal Ikshvaku Kansara are honored to announce the establishment of a new scholarship fund. This initiative is designed to recognize and support the academic excellence of students from our community who demonstrate exceptional aptitude in the challenging JEE Advanced examination. This scholarship, a testament to the importance of education and the pursuit of knowledge, will award an amount of Rs. 50,001 to Dhatu Parivar Sewa Trust as donation towards the said scholarship.The students who secure an All India Rank (AIR) between 1 and 5000 in the JEE Advance, the scholarship amount will be placed into a fixed deposit, and the scholarship prize will be disbursed annually from the accrued interest. This sustainable model ensures that the scholarship fund will continue to benefit generations of deserving students, creating a lasting legacy of educational support.

We invite all eligible students to take advantage of this opportunity and encourage them to continue their journey of learning with dedication and passion. We believe that by investing in our youth, we are building a stronger and more prosperous future for our entire community.

With Best Wishes, Dr. Ikshvaku Indravadan Kansara Ph.D & Smt. Hetal Ikshvaku Kansara

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ

સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અમદાવાદ
## "નવમ્ વિદ્યાર્થી સન્માન સમારંભમાં જાહેર થયેલ વિશિષ્ટ પ્રકારનાં સ્કોલરશીપ ફંડ"

**(૧) ધોરણ-૧૨ (સાયન્સ)માં ભણતાં વિદ્યાર્થીઓ J.E.E. (Advance) પરીક્ષામાં મેરીટ નંબર ૧ થી ૫૦૦૦ માં આવનાર વિદ્યાર્થીઓને ઈનામ**

કંસારા ઈન્દ્રવદનભાઈ અંબાલાલ વતન-માણસા, હાલ અમદાવાદના પુત્ર ડૉ. ઈક્ષ્વાકુ આઈ. કંસારા, મુંબઈ - દ્વારા ધોરણ-૧૨ (સાયન્સ)માં ભણતાં વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી J.E.E. (Advance) પરીક્ષામાં મેરીટ નંબર ૧ થી ૫૦૦૦ માં આવનાર વિદ્યાર્થીઓમાં પ્રોત્સાહિત કરવા માટે - ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટમાં સ્કોલરશીપ ફંડમાં રૂા. ૫૦૦૦૦/- (રૂપિયા પચાસ હજાર)નું અનુદાન જાહેર કરેલ છે.

ડૉ. ઈક્ષ્વાકુના પુત્રએ ગત વર્ષે J.E.E. (Advance) પરીક્ષામાં મેરીટ રેન્ક લાવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બાબતે સુચન કર્યું હતું. તે ઉપરાંત, ઈક્ષ્વાકુભાઈ ને જ્યારે Ph.D. ની ડીગ્રી એનાયત થઈ હતી, તે વર્ષે ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા સન્માનીત કરવામાં આવ્યાં હતાં.

તેમના પુત્રનું સુચન અને સંસ્થા માટે સેવાની ભાવના થકી તેઓએ સંસ્થાને અનુદાન જાહેર કરેલ છે.

ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ તેમનો તથા તેમના પરિવારન આભાર વ્યક્ત કરે છે.

**(૨) માનસીક ક્ષતિ ધરાવનાર બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ**

કંસારા ચંદુલાલ મોહનલાલ ગોરડીયા પરિવાર, શીહોરના ડૉ. હર્ષદભાઈ સી. ગોરડીયા (અમદાવાદ)ના પુત્રી વૈભવી હર્ષદભાઈ ગોરડીયા (ઉંમર વર્ષ ૪૨, ધોરણ-૭ પાસ, માનસીક ક્ષતિ / મંદિબુધ્ધિ બાળક) - જેવા જ્ઞાતિના બાળકોને પ્રોત્સાહિત કરવા માટે સ્કોલરશીપ ફંડમાં રૂા. ૧૫૦૦૦/- નું અનુદાન જાહેર કરવામાં આવેલ છે.

સરકારી નિયમો અનુસાર જે બાળક ૪૦% માનસીક વિકલાંગતા ધરાવતો હશે, તે ઈનામને પાત્ર થશે.

સમાજનાં માનસીક ક્ષતિ / મંદબુધ્ધિ બાળકોને પ્રોત્સાહન આપવાનું આ કાર્ય બિરદાવાવને પાત્ર છે. ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ તેમનો તથા તેમના પરિવારનો આભાર વ્યક્ત કરે છે.

### "વિજયાદશમી - દિવાળીની શુભેચ્છા"

**અયોધ્યા નગરી મેં દિપ જલાયે**
**રામજી આયેંગે વિજય હોકર**
**આઓ હમ સાથ મિલકર**
**રામ-સીતા, લક્ષ્મણજી કી આરતી ઉતારે**
**દિવાળી આવી, આવી દિવાળી**
**રૂમ-ઝૂમ કરતી આવી દિવાળી**
**દીપ પ્રગટાવી મંગલ ગાન કરો**

### નૂતન વર્ષાભિનંદન

**નવા વરસમાં પરમકૃપાળુ પરમાત્મા**
**આપ સૌને આંકમાં અમી આપે**
**સદ્‌વાણી ને સદ્‌લક્ષ્મી આપે**
**તન-મનની તંદુરસ્તી આપે**
**ધંધા રોજગારમાં વૃદ્ધિ આપે**
**નવા વરસે શુભ સંકલ્પો કરીએ.**
**દાન-પૂણ્યના સદ્‌કાર્યો કરીએ**
**નવા વરસના સર્વેને જયશ્રી કૃષ્ણ**

ડૉ. ઉપેન્દ્ર કલાઈગર (M.S.) (સુરત)
મો. : ૮૯૮૦૩ ૬૬૩૩૬

### ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ વોરિયર્સ

**કોર મેનેજમેન્ટ ટીમ :** મેહુલભાઈ નટવરલાલ ખાખી, નિસર્ગ રાજેશભાઈ કંસારા, ડો.શિતલભાઈ બાદશાહ, ઉર્વીશ મનસુખલાલ કરથીયા, સુધીર લલિતભાઈ સોલંકી.

**માસ ઓફ સેરેમની :** મિલનભાઈ બુચ, જતીનભાઈ માવાણી, હિરવાબેન ખાખી.

**સ્ટેજ સપોર્ટ :** હસમુખભાઈ લાલજીભાઈ ખાખી, કેયુર માર્કંડભાઈ કંસારા, મિહિર પ્રવીણભાઈ કંસારા, જાગવી ગૌરાંગભાઈ ફાજલીયા, પ્રાંજલ મૌલિકભાઈ લાલાની , ફેનલ કેયુરભાઈ કરથીયા.

**રસોડા સપોર્ટ :** મનીષભાઈ ભરતકુમાર કંસારા, સુરેશભાઈ નંદલાલભાઈ કંસારા, રાજેન્દ્રભાઈ મેવચા.

**રજિસ્ટ્રેશન :** હેતલબેન અનિરુધ્ધભાઈ કંસારા, ડો. હર્ષદભાઈ ગોરડિયા, હિતેન્દ્રભાઈ કંસારા, મુકેશભાઈ દુધેલા, કરણ પરમાર, ચિરંજીવી પવાર, ભાર્ગવ છત્રાળા, કેયુર પરમાર, કિરીટભાઈ ખાખી.

**ફોટોગ્રાફી :** કમલેશભાઈ કંસારા.

**વિડિયોગ્રાફી :** ભાવિન કંસારા.

**ગ્રાફિક્સ, પ્રિન્ટિંગ વગેરે :** વિવેકભાઈ કંસારા.



# પ્રવાસનો ઉત્સવ

- જસુબેન કંસારા (મહેસાણા)



શ્રી મહાકાળી મહિલા વિકાસ ટ્રસ્ટના વિસનગર કંસારા સમાજની બહેનો માટે કામ કરે છે. આ સંસ્થાની સ્થાપના વર્ષ ૨૦૦૧ માં થઈ હતી. આ વર્ષ આ સંસ્થા માટે રજત જયંતિનું વર્ષ છે.

રજત જયંતિ નિમિત્તે સંસ્થા દ્વારા પ્રવાસ પિકનીકનું આયોજન કરવામાં આવ્યું. તા. ૩૧-૮-૨૦૨૫ ના રોજ જ્ઞાતિની છપ્પન (૫૬) બહેનોએ લકઝરી દ્વારા સવારે ૭-૦૦ કલાકે પ્રયાણ કર્યું. ગાંધીનગર જીલ્લાના ધોળેશ્વર, કોટેશ્વર, ડભોડના હનુમાન વગેરે મંદિરોમાં દર્શન કર્યા.

જસુબેન કંસારાના સંબંધી શ્રી વનરાજભાઈ ઠાકોરના ફાર્મ હાઉસમાં વિસામો કરી ભોજન કર્યું. સંસ્થાની બહેનો યોગીનીબેન, જીજ્ઞાબેન, દર્શનાબેન બહેનોને વિવિધ રમતો રમાડી ખૂબજ આનંદ કરાવ્યો. બહેનોએ ટ્રેકટરમાં મુસાફરીનો આનંદ પણ માણ્યો.

ફાર્મ હાઉસના માલિક વનરાજભાઈએ બહેનોની સગવડતા સાચવવા ઉત્તમ વ્યવસ્થા કરી હતી. તેમના સમગ્ર કુટુંબે ખૂબજ ઉમળકાથી સ્વાગત કર્યું.

આ પ્રવાસ બહેનો માટે બિલકુલ નિઃશુલ્ક હતો. સમગ્ર પ્રવાસમાં ખૂબજ આનંદ આવ્યો.


શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ   પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

# Congratulations Tanvi Kansara




A warm-hearted, cheerful, and accomplished young professional, Tanvi is based in Mumbai and is currently pursuing her Ph.D. in Chemistry at Ruia College, Mumbai University.

Tanvi has completed her M.Sc. in Chemistry from Mithibai College and holds a B.Ed from Mumbai University. Along with her academic achievements, she is a Certified Yoga & Health Coach (USA Certified – International Gurukul Institute), reflecting her balanced approach to health, well-being, and life.

**• About Tanvi**

- Independent yet deeply rooted in family values
- Passionate about learning, teaching, and healthy living
- Enjoys yoga, music, and spending time with loved ones
- A blend of modern outlook and traditional grounding

**• Family**

Tanvi belongs to a respected Kansara family of Mumbai.

- Father: Dr. Ikshvaku Indravadan Kansara, Ph.D. (Mobile: 9004382937)
- Mother: Hetal Kansara (Mobile: 8591970699)
- Brother: Naman Kansara, pursuing B.Tech in Computer Science at IIT Bhilai

**• Blessings & Best Wishes**

- Indravadan Ambalal Kansara (Dada) & Niranjanaben Indravadan Kansara (Dadi)Ahmedabad& Mumbai
- Gunvantrai Dalichand Kansara (Nana) & Arunaben Gunvantrai Kansara (Nani):Ahmedabad
- Hareshkumar Shantilal Kansara (Fua,) & Shilpaben Hareshkumar Kansara (Fia): Mahesana

**• Best Compliments From:**

• Haresh S. Kansara & Company – Chartered Accountants Mehsana & Ahmdedabad
Partners: Haresh S Kansara CA and Rutul H Kansara CA

• Stabicoat Vitamins Ahmedabad
Partners: Gunvantrai D Kansara, Nikhil G Kansara and Kartik G Kansara

• Surrounded by warmth, values, and aspirations, Tanvi looks forward to a journey where companionship and togetherness blossom into a meaningful partnership.

# "અનોખી સિદ્ધિ"




બળવંતભાઈ જે. કંસારા એ (ઉં.વ. ૭૬) તાજેતરમાં MALDIVES ખાતે રમાયેલ ઈન્ટરનેશનલ "Thodoo Master Table Tennis Tournament" માં 75+ વય જૂથમાં Singles and Doubles બંનેમાં 2nd નંબર પ્રાપ્ત કરી બબ્બે Silver Medal મેળવવાની અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે, (August માસના અંકમાં તેમને શુભેચ્છા પાઠવવામાં આવેલ.)

તેઓ જણાવે છે કે બેંકમાંથી નિવૃત થયા બાદ પુરાણો શોખ જાગૃત થતા ૨૦૧૬ ખેલ મહાકુંભમાં સફળતા પ્રાપ્ત કરેલ, પછી તેમનો આત્મવિશ્વાસ વધતો ગયો અને "સફળતા એ અંતિમ લક્ષ નથી" ને સાર્થક કરતો ઉત્તરો ઉત્તર રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષા અને આનંતરરાષ્ટ્રીય કક્ષાએ સફળતા મેળવતા રહ્યા.




તેમની વિશિષ્ટ સિદ્ધઓમાં 2019 માં ઈન્દોર, 20 અને 21કોરોના ના કારણે બંધ, 2022 શ્રીનગર. 2023 જલંધર, 2024 હૈદરાબાદ અને 2025 માં ઈન્દોર ખાતે આમ સતત સાત વર્ષ સુધી ગુજરાત રાજ્યનું પ્રતિનિધિ કરી અને અનેક મેડલો પ્રાપ્ત કર્યા છે.

આંતર રાષ્ટ્રીય કક્ષાએ 2017 શ્રીલંકા, 2019 દોહા-કતાર, (બ્રોન્ઝ મેડલ), 2023 માં મસ્કત, 2024 માં થાઈલેન્ડ ખાતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ છે.




2025 મા MALDIVES માં બે Silver Medal પ્રાપ્ત કરી ગુજરાત, દેશ અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. તેમની સિદ્ધિ અંગેના સમાચારો જે તે વખતે 'કંસારા ટાઈમ્સ'માં પ્રસિદ્ધ થતાં રહ્યા છે.

વિશેષમાં તેઓ જણાવે છે કે "સમસ્ત કંસારા સમાજે વખતો વખત તેમનું સન્માન કરી અને પ્રોત્સાહિત કરેલ છે સાથોસાથ તેમની ગૌરવપૂર્ણ યાત્રામાં ઉત્સાહમાં વધારો કરવામાં 'કંસારા ટાઈમ્સ'નો પણ એટલો જ અમૂલ્ય ફાળો છે."

76 વર્ષની ઉંમરે પ્રેરણાદાયી વિરલ સિદ્ધિ હાંસલ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

# શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટનો વિદ્યાર્થી સન્માન સમારંભ સફળતાપૂર્વક સંપન્ન




ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ
નવમ
વિદ્યાર્થી સન્માન સમારંભ


















ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ
સમસ્ત કંસારા સમાજ
નવમ
સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ

# શૈક્ષણિક સિધ્ધી માટે હાર્દિક શુભેચ્છા-અભિનંદન

દંગી પરિવાર માટે આ ગૌરવપૂર્ણ અવસર છે, કેમ કે અમારી પુત્રીઓ રાજવી અને યાત્રી એ એમની શૈક્ષણિક કારકીર્દીમાં જવલંત સફળતા પ્રાપ્ત કરી છે અને એ દ્વારા પરિવાર તથા સમાજનું ગૌરવ વધાર્યું છે.

## રાજવી દંગી

MBBS અને ત્યારબાદ M.S. General Surgery નો પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ હવે PGIMER કોલેજ, ચંદીગઢમાં પ્રવેશ મેળવી Pediatric Surgery નો સુપર સ્પેશ્યાલીટી અભ્યાસ કરી રહેલ છે. આ પ્રવેશ માટે તેણે રાષ્ટ્રીય કક્ષાની પ્રવેશ પરિક્ષા ઊંચા મેરીટ ક્રમાંક સાથે સફળતાપૂર્વક પાસ કરી હતી. PGIMER (Postgraduate Institute of Medical Education and Research) એ દેશની પ્રતિષ્ઠીત AIMS સંસ્થાઓની સમક્ષ શ્રેષ્ઠ મેડીકલ સંસ્થાઓમાં એક છે





## યાત્રી દંગી

નિરમા યુનીવર્સીટીમાંથી આર્કિટેકચરમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ SPA દિલ્હી કોલેજથી Master in Landscape Architecture નો પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમ હાલમાં પૂર્ણ કરેલ છે. SPA (School of Planning and Architecture) એ દેશની પ્રતિષ્ઠીત અને શ્રેષ્ઠ Architecture Institutes માંથી એક છે.

ઉપરોક્ત સિધ્ધી માટે બંને પુત્રીઓએ જે દ્રઢતા, મહેનત અને પ્રતિબધ્ધતા દર્શાવી છે, એ પરિવાર માટે ખૂબ ગૌરવની ઘટના છે. આ સિધ્ધી બદલ પરિવાર હર્ષની લાગણી અનુભવ છે અને ભવિષ્યમાં બન્ને દિકરીઓ ખૂબ પ્રગતી કરી, પરિવાર અને સમાજનું ગૌરવ વધારે એવી અભિલાષા સાથે અભિનંદન અને અંતરના શુભ આશિષ પાઠવીએ છીએ.

## શુભેચ્છક

### ગૌરીબેન પિતાંબરદાસ દંગી (દાદી)

| | |
|---|---|
| નિશા નરેશકુમાર દંગી (માતા) | નરેશ પિતાબંરદાસ દંગી (પિતા) |
| ૯૪૨૭૪ ૦૯૮૬૫ | ૯૪૨૯૨ ૦૯૮૬૫ |
| પ્રેરણા વિજયભાઈ દંગી (કાકી) | વિજય પિતાંબરદાસ દંગી (કાકા) |
| આશાબેન સેઠ (ફઈ) | અરવિંદાબેન કનૈયાલાલ ચિતલીયા (ફઈ) |
| સંજય સુરેશચન્દ્ર ગોરખીયા (મામા) | નિકેત સુરેશચંદ્ર ગોરખીયા (મામા) |
| ભાવનાબેન યોગેશભાઈ માવાણી (માસી) | મીના અમીતકુમાર વૈષ્ણવ (માસી) |

ભૂમિ નિકુંજકુમાર પવાર (બહેન)

# હાર્દિક અભિનંદન

અમરેલીના વતની અને હાલ અમદાવાદ નિવાસી રંજનબેન તથા સુરેશચંદ્ર ગોરખીયાના આશીર્વાદ સાથે શ્રીમતી વનિતાબેન તથા સંજયભાઈ ગોરખીયાના પુત્ર ચિ. ઓમ તથા ચિ. ધ્રુવી ને ઉચ્ચ અભ્યાસ તથા કારકિર્દીની સફળતા માટે અભિનંદન સહ શુભકામનાઓ.



અમારા લાડકા સુપુત્ર ચી.ઓમ ગોરખીયાએ National University of Singaproe જેવી વિશ્વ પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં Master of Science in Business Analytics માં પ્રવેશ મેળવી સિંગાપુરમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રસ્થાન કર્યું છે જે સમગ્ર ગોરખીયા પરિવાર માટે ગૌરવની ક્ષણ છે.

ચિ. ઓમ એ ૨૦૨૩ માં PDEU ગાંધીનગરમાંથી Infromation and Communication Technology માં B.Tech પૂર્ણ કર્યા બાદ Info Analytica કંપનીમાં બે વર્ષ સુધી Business Analyst તરીકે કાર્ય કરી વિશ્વસ્તર પર પોતાની કારકિર્દી માટે મજબૂત પાયો તૈયાર કર્યો.



ચિ. ધ્રુવી ગોરખીયા અમારી લાડલી દીકરી એ PDEU ગાંધીનગર થી Computer Engineering માં B.Tech ની ડિગ્રી ઉચ્ચ મેરીટ ક્રમાંક ૯.૨૧ CGPA સાથે પૂર્ણ કરેલ છે. આ ઉપરાંત ધ્રુવી PDEU ના VGA ક્લબમાં પ્રથમ Female President તરીકે કાર્ય કરી કોલેજની ઈતર પ્રવૃત્તિમાં પણ અગ્રેસર રહેલ. હાલ તેણી IT કંપની અમદાવાદમાં Product Manager તરીકે કાર્યરત છે.

## શુભેચ્છક

ગૌ.વા. સુરેશચંદ્ર વૃજલાલ ગોરખીયા

ગૌ.વા. રંજનબેન સુરેશચંદ્ર ગોરખીયા

સંજય સુરેશચંદ્ર ગોરખીયા — ૯૮૭૯૬ ૦૫૦૫૦

વનીતા સંજય ગોરખીયા — ૯૮૨૪૧ ૨૬૧૮૯

નીકેત સુરેશચંદ્ર ગોરખીયા (કાકા) — ૯૮૨૪૦ ૦૬૨૯૯

બંસરી નીકેત ગોરખીયા (કાકી)

અર્પણા નીકેત ગોરખીયા (બહેન)

ભાવના તથા યોગેશકુમાર માવાણી - સીહોર (ફઈબા)

નીશા (ધ્રુતી) તથા નરેશકુમાર દંગી - ભાવનગર (ફઈબા)

મીના તથા અમીતકુમાર વૈષ્ણવ - કેનેડા (ફઈબા)

કીરણ ઈન્દ્રકાંત ખાખી - લીંબડી (મામા)

વીપુલ ઈન્દ્રકાંત ખાખી - લીંબડી (મામા)

# વૈષ્ણવાચાર્ય શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી, અમદાવાદ) ના શુભ હસ્તે
## આર્ટિસ્ટ વિવેક કંસારાએ બનાવેલા અલૌકિક ડિજિટલ પેઇન્ટિંગ ના પ્રદર્શન નું શુભ ઉદ્ઘાટન







ભારતમાં સૌ પ્રથમ વાર એક્રેલિક, pvc, wpc, મટીરિયલ નો ઉપયોગ કરીને એકદમ ક્રિસ્ટલ ક્લિયર પ્રિન્ટિંગ સાથે આર્ટિસ્ટ વિવેક કંસારાએ બનાવેલા અલૌકિક ડિજિટલ પેઇન્ટિંગ ના અદભૂત પ્રદર્શન નું શુભ ઉદ્ઘાટન વૈષ્ણવાચાર્ય શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી, અમદાવાદ) ના શુભ હસ્તે તારીખ ૧૫ ઓગસ્ટ સાંજે ૪ વાગે કનોરિયા આર્ટ ગેલેરી ખાતે થયું.

આ પ્રદર્શન નિહાળતા પૂજ્ય જેજેશ્રી એ કહ્યું કે વિવેકભાઈ ઉપર ઠાકોરજીની કૃપા છે એટલે જ આવું સુંદર સર્જન થઈ શકે.

આ પ્રસંગે ઔડા ના ભૂતપૂર્વ ચેરમેન શ્રી સુરેન્દ્ર પટેલે ખાસ હાજરી આપી હતી, ઉપરાંત હાર્ટ ફાઉન્ડેશન ના ચેરમેન અને અંધજન મંડળના ટ્રસ્ટી ડૉ. નીતિન શાહ, કૃષ્ણ ભજન ગાયિકા નમ્રતાબેન શોધન, SBI ના ચીફ જનરલ મેનેજર (ગુજરાત) શ્રી આર. કે. ગર્ગ સાહેબ વગેરે મહાનુભાવો એ તથા બીજા ઘણા જ કૃષ્ણ ભક્તોએ પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે હાજરી આપી હતી.

આર્ટિસ્ટ વિવેક કંસારાએ AI નો સર્વ શ્રેષ્ઠ ઉપયોગ થકી શ્રી રાધા કૃષ્ણ ના અત્યંત મનમોહક પેઇન્ટિંગ તૈયાર કર્યા છે. જેમાં પુષ્ટિ માર્ગીય ભક્તો માટે શ્રીનાથજી નું શૃંગાર સ્વરૂપ, શ્રી યમુના મહારાણી જી નું અતિ સુંદર સ્વરૂપ, મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્ય જી ના દિવ્ય સ્વરૂપો, શ્રીકૃષ્ણ ના મુરલીધર સ્વરૂપો, ગૈયા સાથેના ગોપાલ સ્વરૂપ, તથા શ્રી રાધાજી સાથે ની લીલા ના હૃદયના ભાવ મુખારવિંદ ઉપર પ્રગટ થતાં ભાવનાત્મક સ્વરૂપોનો સમાવેશ છે.

બે ગુજરાતી ટીવી ચેનલ તથા પ્રેસ મીડિયા માં પણ આ વિશેષ પ્રદર્શનના સમાચાર પ્રસારિત થયેલ હતા. વિવેકભાઈ સાથે વાત કરતાં એમણે જણાવ્યું કે :"નાનપણ થી મને શ્રીકૃષ્ણ પ્રત્યેનું આકર્ષણ રહ્યું છે અને ઉંમરની સાથે સાથે વધતું જ ગયું છે. 10 વર્ષ પહેલા કસ્ટમાઇઝ વોલ ડિઝાઇન માટેની બ્રાન્ડ શરૂ કરી ત્યારે નક્કી કર્યું કે કૃષ્ણ ભક્તના ઘરમાં એવા સુંદર સ્વરૂપ હોવા જોઈએ કે એને જોતાં મન ધરાય જ નહી. આ રચનાને સાકાર કરવા માટે પ્રભુ લીલા ની જે અનુભૂતિ થઈ એ શબ્દો માં વર્ણવી શકાય એમ નથી., અને એટલે જ આ પેઇન્ટિંગ મેં કર્યા છે એમ કહીશ તો એ મારો અહંકાર ગણાશે. એવું કહેવું જ યોગ્ય ગણાશે કે મારા હાથ, બુદ્ધિ નો ઉપયોગ કરીને શ્રીકૃષ્ણ પ્રભુ એ આ બધી રચના સાકાર કરવા મને નિમિત્ત બનાવેલ છે. જેનો હું અંતઃકરણ પૂર્વક આભારી છું. દરેક રચના લેટેસ્ટ ટેકનોલોજી થી સિદ્ધ કરેલ છે. આ બધા જ દિવ્ય સ્વરૂપોની ઝાંખીથી જો આપને થોડી ક્ષણ માટે પણ હૃદયમાં પરમ આનંદની અનુભૂતિ થાય તો, એ દિવ્ય સ્વરૂપો જો આપની સન્મુખ હંમેશા હોય ત્યારે પરમ આનંદની ચરમસીમા હંમેશ માટે સ્થાપિત થાય."

આ બધા જ સુંદર ચિત્રજીની ઝાંખી કરવા માટે અહીં QR code આપેલ છે તે સ્કેન કરીને નિહાળી શકાશે. આ ઉપરાંત આ અદભૂત પ્રદર્શનનો વિડિઓ જોવા માટે અલગ QR code છે તે સ્કેન કરવાથી જોઈ શકાશે.

પેઇન્ટિંગ આલ્બમની pdf

પ્રદર્શન ની હાઈલાઇટ્સ વિડિઓ

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# "ઢાઢી લીલા"

- ચિનુભાઈ દંગી (વઢવાણ સીટી)

તા. ૨૩-૮-૨૫ ના રોજ વઢવાણ હવેલીમાં ઢાઢી લીલા અને જોગી લીલા ઉજવાઈ ગઈ. આમાં નિલેશભાઈ શાહ, કેતનભાઈ દંગી અને અનીલભાઈ દંગી (જોગી) એ સફળતા પૂર્વક ભાગ લીધો ટ્રસ્ટીઓનું આયોજન સારૂ હતું. વૈષ્ણવો ને ખૂબ આનંદ આવ્યો. "બાજે બધાઈયાર રે" ગાન ખૂબ ગમ્યુ, પરંતુ ઢાઢી લીલા વિષે થોડું વધારે જાણીએ.

પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયમાં શ્રી કૃષ્ણજીના ગુણ કીર્તન રૂપે ભજવાતી ઢાઢી લીલા વ્રજમાંથી ફરતી ફરતી રાજસ્થાનમાં થઈ સૌરાષ્ટ્રમાં આવી હોવાનું લાગે છે. ઢાઢી લીલા એ ધર્મપ્રધાન પરંપરા છે. શ્રધ્ધા અને ભક્તિ તેની સાથે મળેલા છે. કોઈ વૈષ્ણવજન જાત્રા કરીને સલામત રીતે પાછા આવે તે પ્રસંગે પણ ઢાઢી લીલા કરાવે છે (હવે નહીં). ઉપરાતં શ્રીકૃષ્ણના જન્મ સમયે નંદરાયને ત્યાં ઘણા યાચકો આવેલા અને આ પ્રસંગને તેમણે ગીત સંગીત અને નૃત્ય દ્વારા દિપાવ્યો હતો. આ પરંપરા જ્યાં હવેલીઓ આવેલી છે ત્યાં પણ શરૂ થઈ.

ઢાઢી લીલાના ઉત્સવને વૈષ્ણવ કિર્તનિયાઓ ઝાંઝ પખવાજ સાથે ભક્તિભર્યા દિલે પદોને કાઢી ઢાઢણના સથવારે તાલ, સૂર અને ગાનથી જમાવટ કરીને વૈષ્ણવ સમાજને ભક્તિરસમાં તરબોળ કરી દે છે. વૈષ્ણવ સમાજમાં હવેલી સંગીતની એક આગવી પરંપરા છે. ૯૯ વર્ષીય સારસ્વત શ્રી કે.કા. શાસ્ત્રી હાથમાં ઝાંઝ લઈ શાસ્ત્રીય કિર્તનો ગાવા હવેલીએ રોજ જતા તેમને સાંભળવા એ એક લ્હાવો હતો. ઢાઢી લીલા શ્રીકૃષ્ણની ભક્તિરૂપે રજુ કરવામાં આવતી હોવાથી ધંધાદારી ધોરણે ભજવાતી નથી. કોઈપણ કલકાર પૈસા માટે તેમાં જોડાતો નથી. કાલાવડ નજીક બકોઈ ગામના વલ્લભભાઈ, હરિપર ગામના અરજણભાઈ બહુજ સારી રીતે ભજવતા અને ભજવવું સહેલું નથી. કલાકાર તેમાં એકરૂપ થઈ જતા હોય છે. પોતાની જાતને ભૂલી જતા હોય. પછી ભલેને કોઈપણ ક્ષેત્રનો કલાકાર હોય. કવિ ઈશરદાન "હરિરસ" લખવામાં એટલા ખોવાઈ ગયા હતા કે લખાઈ ગયા પછી એકવાર જમવા બેઠા ત્યારે પત્નિને કહ્યું. આજ શાકમાં રામરસ (મીઠુ) ઓછુ છે. ધર્મપત્નીએ તરત કહ્યું કે આજે હરિરસ નક્કી લખાઈને પૂરો થઈ ગયો હોવો જોઈએ નહીતર તમને રામરસ (મીઠુ) યાદ ન આવે હું તો રોજ આ પ્રમાણે જ રામરસ નાખું છું. કલાકારોના એકાગ્રતા આવી હોય છે. યજમાનનું વ્યાપક (આમંત્રણ) આવે ત્યારે ભક્ત કલાકારો હજાર કામ પડતા મુકીને યજમાનના આંગણે આવી જાય છે. કલા દ્વારા પરમ તત્વને પામવાની તેમની ભક્તિ કે શોખ અનન્ય પ્રકારના છે. "હાથ પગનો ઉપયોગ કરી મહેનત કરનાર શ્રમજીવી કહેવાય છે. હાથ પગ અને મગજનો ઉપયોગ કારીગર કરે છે. પરંતુ હાથ પગ મગજ અને હૈયાનો ઉપયોગ કરનાર કલાકાર કહેવાય છે.

વ્રજમાં શરૂ થયેલી ઢાઢીલીલા પહેલા સૌરાષ્ટ્રમાં આવી તેમ મનાય છે. ઢાઢીલીલાના તમામ પદો વ્રજભાષામાં લખાયેલા છે.

ઢાઢીલીલાનું કથા વસ્તુ જોઈએ તો ૫૫૦૦ વર્ષ પહેલા (લગભગ) નંદરાયજીને ત્યાં પ્રભુ પ્રગટ થયા તેમની લીલા કેવા પ્રકારની છે. તેમનો શ્રૃંગાર કેવો છે. તેમની લીલા કેવી છે. તેનું વર્ણન કરવા નંદબાવાના પાચક, ભાટ, આરણો, દેવતાઓ, ગંધર્વો ઢાઢી અને ઢાઢણ પ્રભુના યશોગાન ગાવા ઉપસ્થિત થયા હતા. ઢાઢીલીલામાં તેમનું દર્શન જોવા મળે છે. પ્રથમ કૃષ્ણ જન્મની વંશાવલી બોલાય છે. ત્યારબાદ અષ્ટ સખાઓએ જે કિર્તનો ગાયા છે. તે ઢાઢીલીલામાં ગીત સંગીત સાથે રજુ થાય છે. સાથેને સાથે જોગાલાલા, બાળલીલા, ગોવર્ધન લીલા, દાણ લીલા, રાસલીલા, પનઘટ લીલા, ગો-ચરણ લીલા પણ રજુ થાય છે. કૃષ્ણ લીલા તો ખરી જ.

આજે પ્રચાર માધ્મયો, યુરોપની સંસ્કૃતિમાં આક્રમણો ભવાઈ, રામલીલા, બત્રીસ પુતળીના ખેલ, માણભટ્ટો, મદારીના ખેલ વગેરેએ આ કલામાં ભાંગીને ભૂક્કો બોલાવી દિધો છે.


**સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરો**

સમસ્ત કંસારા સમાજ દ્વારા સંચાલીત ઓન લાઈન મેરેજ બ્યુરો છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી સુદઢરૂપથી ચાલે છે. લગ્ન ઈચ્છુક યુવા-યુવતી ઘેર બેઠા પોતાનો યોગ્ય જીવન સાથી મેળવી શકે તે તેનો ઉદેશ્ય છે. આજ સુધી અસંખ્ય ઉત્સાહ જનક પરિણામો મળેલ છે અને સમાજ વિવિધ ગોળઘટકમાં સમરસતા માટે પ્રમુખ ભુમીકા નિભાવેલ છે. ઓન લાઈન મેરેજ બ્યુરોમાં ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવવા માટે સમાજની વેબ સાઈટ **"WWW.SAMASTKANSARA.COM"** માં **Marriage Buroau** માં જઈ રજીસ્ટ્રેશન કરાવી રૂા. ૫૦૧/- નો ચેક **"સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)"**ના નામનો લખીને સમાજની ઓફિસ પર રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારનું પુરૂ નામ, સરનામુ ને મોબાઈલ નંબર સાથે મોકલી આપવો. અથવા સમાજના ઉપરોક્ત નામના બેંક એકાઉન્ટ નંબર **10542905500** બેંક - સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એસ.પી.પી.બી.બી. બ્રાંચ અમદાવાદ **IFS Code SBIN0060129**માં ઓનલાઈન ભરીને અથવા **SBI** ની કોઈપણ શાખામાં ભરીને વોટસએપ નંબર **9374645669** (ખજાનચી શ્રી મનીષભાઈ બી. કંસારા અને મો.નં. **9825307151** (મેરેજ બ્યુરો શ્રી હસમુખભાઈ એલ. ખાખી) ને અચુક જાણ કરવી. રજીસ્ટ્રેશનમાં મુશ્કેલી પડે તો ઉપરોક્ત નંબરમાં શ્રી હસમુખભાઈ એલ. ખાખીનો સંપર્ક કરવો.



**શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ**
**અમદાવાદ.**

# કોઇને સલાહ આપવી ? કે ન આપવી ?

- જીતેંદ્ર પોમલ (ગાંધીનગર)

સલાહ આપવાનું પણ એક વિજ્ઞાન છે, સલાહ આપવા વાળી વ્યક્તિ ૯૮૪ હિસ્સામાં સાચી હોય છે. પણ તેની સલાહ માનવા વાળી વ્યક્તિનું પ્રમાણ ૫% થી પણ ઓછુ હોય છે, તેજ રીતે બન્ને પાત્રોની ભૂમિકા એ અરસ-પરસ બદલવામાં આવે તો તેમાં પણ ઉપરોક્ત ધોરણ સચવાય જ છે. એટલે કે ધારો કે બે બહેનો કે જે બહેનપણીઓ છે, એક ની છોકરી / છોકરો પ્રેમમાં પડ્યો ત્યારે બીજી એમ કહેશે કે લગ્ન કરાવી નાખતો કહે છે પાત્ર સાત સોનાનું હોય તો પણ મને તે સ્વીકાર્ય નથી અને લગ્ન નહીં કરાવે, કારણ કે અહમ ઘવાય છે. અને કાળક્રમે જો બીજી બહેન પણી કે બહેનના કિસ્સામાં પણ જો એજ ઘટના રીપીટ થાય તો તેમાં પણ ૯૦ % કિસ્સામાં પહેલી જેવુ જ થશે. આ મારો જાત અનુભવ છે. સલાહ આપવા વાળી વ્યક્તિ માં એક જાતનો અહંકાર હોય છે. તે જ્યારે બીજાને સલાહ આપે છે ત્યારે પોતાનો સુક્ષ્મ અહંકાર પોષાય છે. કે મે આ ઉપલબ્ધ કરી લીધું છે. અને સામે વાળાને તે મળ્યુ નથી અને સલાહ મેળવનાર વ્યક્તિ લઘુતાગ્રંથીનો અનુભવ કરે છે. તે પણ મનમાં તો જાણે જ છે, કે સલાહ સાચી તો છે, જ અને સલાહ આપનાર વ્યક્તિ ગુરુતા ગ્રંથીનો આનંદ અનુભવે છે.

૧૦૦ માંથી ૯૮ % સલાહ સાચી હોવા છતા કોઈ માનતું નથી, જો કદાચ માને તો એ પ્રકારનો નિર્ણય એમને કરવો જ હોય છે. અને કરે છે. એ તમારી સલાહનુ પરિણામ નથી હોતુ. આ બાબત છે. ઉપનિષદના વખતથી ચાલતી આવે છે, તેમા કોઈ નવુ નથી. ગુરૂ શુક્રાચાર્યએ બલી રાજાને સલાહ આપી હતી કે આ સાત વર્ષના દેખાતા બાળકે (ભગવાન શ્રી વામન) જે ત્રણ પગલા માગ્યા છે. તેવુ વચન ન આપો, તેમાં જરૂર રહસ્ય છે, પણ બલિરાજા ન માન્યા, વચન આપવા માટે કમંડલ માથી જલની અંજલી લેવા ગયા ત્યારે શુક્રાચાર્ય કમંડળની નળી માં પેસી ગયા તો ભગવાને તેની એક આંખ ફોડી નાખી.અને અંતે બલિ રાજાએ પાતાળમાં જવું પડ્યું, એ તો બધાને ખબર જ છે. ઉપનિષદમાં એકથી વધુ વખત લખાયુ છે કે સલાહ કે આપણે શીખેલ જ્ઞાન પોતાના સંતાન અને શિષ્ય સિવાય કોઈને આપવુ નહી.

વિદુરજી એ પણ આખી જીંદગી ધ્રુતરાષ્ટ્રને સલાહ આપવામાં કાઢી નાખી પણ એકેય સલાહ ધૃતરાષ્ટ્રને માનવા યોગ્ય ન લાગી અને વિદુરજી તો થાકી હારીને યુદ્ધ થાય એ પહેલા જ રાજપાટ છોડીને યાત્રાએ નીકળી ગયા.અને ધૃતરાષ્ટ્ર ૧૦૦ સંતાનોના અને સમગ્ર કુળના સંહાર માટે જવાબદાર ઠર્યા. જો વ્યક્તિમાં અહંકાર હોય તો સાક્ષાત ભગવાન પણ સલાહ આપે તો પણ એ માનશે નહીં. જેમ કે શ્રી કૃષ્ણ ભગવાન ખુદ સમજાવા આવ્યા તો પણ ન ધૃતરાષ્ટ્ર માન્યા કે ન દુર્યોધન માન્યો. અરે દુર્યોધને તો માતા ગાંધારીની સલાહ પણ ન માની કે સમ્પૂર્ણ વસ્ત્ર વિહીન અવસ્થામાં મારી નજર સમક્ષ આવે તો એક વખત પાટો ખોલીને તપ બળથી શરીર વજ્ર બનાવી દઉં. પણ તે શ્રી કૃષ્ણ ભગવાનની સલાહથી પાંદડુ પહેરીને ગયો. ત્યારે દુર્યોધનને પુત્ર તરીકે અભિમાન આવ્યું કે મારે સમ્પૂર્ણ વસ્ત્ર વિહિન દશામાં માતા સામે ન જવાય. એજ દુર્યોધન શ્રી કૃષ્ણ ભગવાન ની માત્ર પાંચ ગામ આપવાની સલાહનો પણ અભિમાનના લીધે ઈન્કાર કર્યો હતો.

તેવીજ રીતે વિદુરજી અને કૃષ્ણ ભગવાને ભિષ્મ પિતામહને ખુબજ સલાહ આપી પણ એક પણ સલાહ માની નથી, છેલ્લે મૃત્યુ શૈયા પર હતા ત્યારે પોતાની ભુલોનો સ્વીકાર ભગવાન સમક્ષ કર્યો.પાંચ પાંડવો મા સહદેવ ત્રિકાળ જ્ઞાની હતો છતા ક્યારેય યુધિષ્ઠિરને તેની સલાહ લેવાનું યોગ્ય ન માન્યું. હાલના જમાનામાં પણ એકાદ સહદેવ તો દરેક કુટુમ્બમાં હોય જ છે, પણ તેને અહમના કારણે કે અન્ય રીતે પણ ઓળખી શકતા નથી. અને ઓળખે તો અહમના કારણે સલાહ માનતા નથી. એવી જ રીતે લક્ષ્મણની સલાહ સીતાજી એ ન માની, મામા મારીચ, અંગદ, મંદોદરી વિભીષણ અને છેલ્લે કુમ્ભકર્ણની સલાહ રાવણે ન માની. કેટલાય સગા સબંધીઓ પાન/મસાલા/ગુટખા ખાવાથી કેંસર રોગથી ગુજરી ગયા છે. તેની સ્મશાન યાત્રામાં પણ જઈ આવ્યા હોય, અરે રડ્યા પણ હોય પણ બાકીના જીવતા સબંધીઓ પાન મસાલાનો ત્યાગ નહીં કરે. આ મેં ઘણી વખત જોયેલ છે.

શ્રીમદ ભાગવત પ્રથમ સ્કંધ, અધ્યાય ૧૯, શ્લોક ૩૨ થી ૩૯ મા ઉલ્લેખ છે. જો (શ્રી શુકદેવજી મહારાજ) બિના પુછે કિસિકો ભી ઉપદેશ નહી કરેતે.'' પરિક્ષીત રાજાને શ્રાપ મળ્યા પછી શ્રી શુકદેવજી મહારાજની સ્તુતિ કરે છે. શ્રી શુકદેવજી મહારાજ પણ ગમે ત્યાં ઉપદેશ આપતા નહીં, તો આપડે સમજી જવુ જોઈએ. આજ કાલ બહુ બધા મોટીવેશનલ સ્પીકરો આવી ગયા છે. આજીવન કુંવારા લોકો અને કેટલાક સમ્પ્રદાયના સાધુઓ સુખી દામ્પત્ય જીવન વિષે ઉપદેશ આપે છે. જે ડાહી સાસરે જાય નહી અને ગાંડીને શિખામણ આપે એવો ઘાટ છે. હોલીવુડની એક ફિલ્મ **SOUL** નો ડાયલોગ છે કે '' હમ પ્રેરણા દેનેકે ધંધેમે હે, જો (જો એટલે જો ગાર્ડનર આ ફિલ્મનુ એક

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

પાત્ર) લેકિન અક્સર હમ બહુત પ્રેરિત નહી હોતે.'' મોટાભાગના મોટીવેશનલ સ્પીકરોની પરિસ્થિતી આવી જ છે.

ઈંગ્લેંડના મહાન નાટ્યકાર ''જ્યોર્જ બર્નાર્ડ શો'' ને ત્યારના સમયના એક અન્ય નાટ્યકારનુ નાટક જોવા તે નાટ્યકારે આમંત્રણ આપ્યુ અને નાટક કેવુ છે ? તેનો અભિપ્રાય/સલાહ આપવા બોલાવ્યા. જ્યોર્જ બર્નાર્ડ શો ગયા પણ થોડી થોડી વારે ચાલુ નાટકે નસકોરા બોલાવે, પેલા મિત્ર કોણી મારી ઉઠાડે, તો હું હું કરી જાગે, પાછા પાંચ મીનીટ મા ઉંઘી જાય. નાટક પુરુ થતા '' જ્યોર્જ બર્નાર્ડ શો તો કંઇ બોલ્યા વગર ઘેર જતા રહ્યા. સવારે પેલા નાટ્યકાર ''જ્યોર્જ બર્નાર્ડ શો'' ના ઘેર ગયા,અને પાછુ પુછ્યુ, નામદાર આપે મારુ નાટક પુરુ જોયુ નહી, અભિપ્રાય પણ ન આપ્યો, તો ''જ્યોર્જ બર્નાર્ડ શો'' કહે એજ તો મારો અભિપ્રાય/સલાહ હતી.

''અદ્યતન બનાવો જોઇએ તો **You tube** અને વર્તમાન પત્રોમાં કેનેડાની ખરાબ પરિસ્થિતી અને **DUNKI Route** થી અમેરીકા જતા કેટલા બધા લોકોના મોત થયા હોવા છતા દર અઠવાડીએ કેનેડા/**USA** ની મહત્તમ **Flight** વિદ્યાર્થીઓથી ભરચક હોય છે, અને **DUNKI Route** નો પ્રવાહ પણ ચાલુ જ છે.

ઓફીસમાં મારા સાહેબ એમ કહેતા કે એમની પત્નિ કોઇને પણ સલાહ આપવાની ના પાડતી હોય છે. પણ સાહેબ એમ કહે કે જો એક્સો માંથી એક / બે વ્યક્તિ પણ સલાહ માનશે તો તેનુ જીવન સુધરી જશે. એટલે શ્રીમદ ભગવત ગીતા ના સિદ્ધાંત મુજબ કર્મ (સલાહ આપવાનું) કરવાનુ ચાલુ જ રાખવુ. ફળની ચિંતા સલાહ મેળવનાર કરશે, આપણે નહી કરવાની. મને મારા સાહેબની આ સલાહ સાચી લાગી. મતલબકે નજીકની વ્યક્તિઓને બહુ અગત્યની બાબત હોય તો એકાદ વખત સલાહ આપે દેવી. તેથી ભવિષ્યમાં આપણુ મન **Guilty** ન અનુભવે કે આપણે જાણતા હતા તો પણ કહ્યું નહી.

શ્રી સતીમાતા સદા બિરાજમાન છે.

પ્રતિશ્રી,

## સમસ્ત દંગી શ્રદ્ધેય પરિવાર

આપણા કુળદેવી શ્રી સતીમાતાજીના સાંનિધ્યમાં દર વર્ષની જેમ આપણા દંગી પરિવાર સહ શ્રદ્ધેય પરિવારનું સ્નેહ મિલન તથા નવચંડી હવન, સાથે શ્રી સતીમાતાજી સેવા ટ્રસ્ટ, હળવદ, (રજીસ્ટર્ડ) આપણી સંસ્થાની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરેલ છે. આ પ્રસંગે શ્રી સતીમાતાજી મંદિર, હળવદ મુકામે દર્શન-પ્રસાદ-સેવાનો લાભ લેવા સમસ્ત દંગી પરિવાર સહ શ્રદ્ધેય પરિવારને ભાવથી નિમંત્રણ છે.

### કાર્યક્રમની સૂચિ

**સંવત ૨૦૮૨, કારતક સુદ-૪, શનિવાર, તારીખ : ૨૫-૧૦-૨૦૨૫**

૧. શ્રી સતીમાતાજીના દર્શન-સેવા-પૂજન-પ્રસાદ - સવારે ૮.૦૦ કલાકથી. રાસ ગરબા.......... સવારે ૮.૦૦ કલાકથી
૨. નવચંડી હવન સવારે ૮.૦૦ કલાકથી
૩. સ્નેહ મિલન તથા શ્રી સતીમાતાજી સેવા ટ્રસ્ટ, હળવદ આપણી (રજીસ્ટર્ડ)સંસ્થાની વાર્ષિક સાધારણ સભા શ્રી સતીમાતાજી મંદિરના પટાંગણમાં.... સવારે ૧૧.૦૦ કલાકે
૪. મહાપ્રસાદ....... બપોરે ૧.૩૦ કલાકે

સ્થળ : બ્રાહ્મણ સમાજની વાડી, સરા નાકા સામે, હળવદ.

**નવચંડી હવનના યજમાન**

અજયભાઈ ચંદુલાલ દંગી  અમીતભાઈ શાંતીલાલ દંગી  હિતેશભાઈ મનહરલાલ દંગી
શશીકાંતભાઈ ત્રિભોવનદાસ દંગી  નરેન્દ્રભાઈ મણીલાલ દંગી

**ખાસ નોંધ :**
આજના આ કાર્યક્રમના દિવસે છેડા છેડી છોડવા કે બાબરી ઉતારવાનો કોઈ કાર્યક્રમ કરવામાં આવશે નહિ. ફક્ત માતાજીની પૂજા,આરતી, પ્રસાદનો કાર્યક્રમ રહેશે જેની સર્વે પરિવારજનોએ વિનમ્ર નોંધ લેવી.

**॥ સંપર્ક સૂત્ર ॥**

(૧) રજનીભાઈ વલ્લભદાસ દંગી - મો.:૯૭૨૩૧૦૦૭૧૫
(૨) ઘનશ્યામભાઈ ધીરજલાલ દંગી - મો.:૭૮૦૨૯૩૮૧૯૮
(૩) અજયભાઈ ચંદુલાલ દંગી - મો.:૯૪૨૬૧૧૩૧૨૧
(૪) પરેશભાઈ લાલાભાઈ કંસારા - મો.:૯૦૧૬૪૧૨૧૨૬

વ્યવસ્થાપક સમિતિ
શ્રી સતીમાતાજી સેવા ટ્રસ્ટ, હળવદ.

તા.ક. : આ નિમંત્રણ પત્રિકા મોબાઈલ વોટસએપ ગ્રુપ મારફતે તથા આપણા સમાજના પ્રસિદ્ધ થતા માસિક સામાયિક કંસારા ટાઇમ્સ ઓક્ટોબર-૨૦૨૫ ના અંકમાં પ્રસિદ્ધ થશે જેની ખાસ નોંધ લેવી.

## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

| | |
|---|---|
| રૂા. ૧૦૦૧/- | કંસારા ગોપાલભાઈ રસીકલાલ - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | કંસારા લાલચંદભાઈ ચુનીલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા બંદા સચીન રમેશભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા મિલીન લક્ષ્મણભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા મનહરલાલ કરસનભાઈ (કાગડા) - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | વાઢેર અનંદકુમાર દિલીપકુમાર - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા હર્ષ જયેશભાઈ - બેંગ્લોર |
| રૂા. ૧૦૦૦/- | કંસારા કેતનકુમાર ચંદુલાલ - વિસનગર |
| રૂા. ૧૦૦૦/- | કંસારા કિરીટભાઈ ચંદુલાલ - વિસનગર |
| રૂા. ૧૦૦૦/- | લાલાણી દિવ્યેશભાઈ જયંતિભાઈ - રાજકોટ |
| રૂા. ૧૦૦૦/- | માવાણી ભરતભાઈ હરીલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | વાઢેર મયુર ભગવાનદાસ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા દિલીપભાઈ રતિલાલ - અમદાવાદ |

**શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ**
**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.**



# ગૌરવ

પ્રભુશ્રી ગોપાલલાલની અસીમ કૃપાથી અમારી સુપુત્રી ચિ. જાનકીની - સરકારશ્રી દ્વારા હાલ ૨૦૨૫-૨૬ ના વર્ષની નવી ભરતી કાર્યક્રમ હેઠળ સુરેન્દ્રનગર જીલ્લાના લીંબડી મોડલ શાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અંગ્રેજી વિષયના શિક્ષક માટે નિયુક્ત થયેલ છે.

તે બદલ ચિ. જાનકીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભાશિષ.

**મહેન્દ્રકુમાર લાલદાસ દૂધેલા (તળાજા)**
**આશાબેન મહેન્દ્રકુમાર દૂધેલા**
**ભાઈશ્રી પાર્થ મહેન્દ્રકુમાર દૂધેલા**

**શુભેચ્છક :**
**કંસારા શાંતિલાલ હરીલાલ પરિવાર**
**(મોસાળ) (જસદણ)**

ડૉ. ઉપેન્દ્ર કલાઈગર (M.S.) (સુરત)
મો. : ૮૯૮૦૩ ૬૬૩૩૬

### "કર્મકી ગતિ ન્યારી"

કર્મનકી ગતિ ન્યારી ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી (૨)
દેખિયે ભાત બિચારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી, (૨)
દશરથકો સમ્રાટા બનાયા, ઔર શ્રાપસે મરન કરાયી.
અયોધ્યા નરેશ કો ચાર પુત્ર હોતે ભી, અંત સમય વિયોગ કરાયી
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉદ્ધોકર્મનકી ગતિ ન્યારી (૨)
ભવતારણ રામને નવા મંગાઈ, તબ કેવટ ગંગા પાર કરાયી
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી,
રામ સીતાકો વનવાસ મિલો, ઔર દુષ્ટ રાવન સોનેકી લંકા પાયી
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી,
પવનસુતને જબ છલાંગ લગાયી, તો બીચ સંકટો સાથે ભારી
રામજી સર્વતજ્ઞ હૈ ફિરભી, કનકમૃગ પછે દોડ લગાયી
તબ રાક્ષસ સાધુવેશ બનાયા હી, સીતાજી હરન કરાઈ
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી,
સમર્થ રામજી પતિ હોને પર ભી, અશોક વાટિકામેં સીતા ભયી દુઃખારી,
રામને રામેશ્વર જ્યોતિર્લીંગ રચાઈ તો, રાવણને હી પૂજા-વિધી કરાઈ
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી,
લક્ષ્મણજી યુધ્ધ મેં મૂર્ચિત પડે તો, સુપેનને સંજીવની મંગાઈ
લંકા કે વૈદ્ય હોતે હુએ ભી, લક્ષ્મણજી જીવિત કરાઈ
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી,
રામ યુધ્ધ મેં વિજયી ભયે તો, બિભીષણ કો લંકાપતિ બનાઈ
નારદને લક્ષ્મીવર કો શ્રાપ દિયા તો, દશરથ ઘર રામજન્મ કરાઈ
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી,
ભક્તજન સોચિયે બાત બિચારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી (૨)
બગલે કો બહુ રૂપ દિયા, ઔર કોલય કરદી કારી
લોભી કો બહુત ધન દિયા, ઔર દાતા કો ન મિલે જુવારી (જુવાર)
દુષ્ટજન કો બહુત દોલત દિન્હી, ઔર ભક્તજન ભયે ભિખારી
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી,
મીરા કહે પ્રભુ ગીરધર નાગર, ચલન કમલ બલિહારી (૨)
રામજી કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી,
ભક્તજન દેખિયે બાત બિચારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી
રઘુનંદન કર્મનકી ગતિ ન્યારી, રાધવ કર્મનકી ગતિ અતિ ન્યારી
રામજી કર્મનકી ગતિ ન્યારી, પ્રભુજી કર્મનકી ગતિ ન્યારી
ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી, ઉધ્ધો કર્મનકી ગતિ ન્યારી

**શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.**

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

---

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
**શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર**



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited

Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

---

*Best Quality Gift For All Occassions*
We are also the menu. of wall clocks& wall clock hands




# PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia
Mo.94262 21810

Depak J. Karathia
Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577
www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

---

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436




# Mayur Engineering
**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186
E-mail : mayurengineering179@gmail.com

# શ્રી વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થી સત્કાર સમારંભ યોજાયો

શ્રી વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ તેમજ શ્રી વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ કેળવણી મંડળનાં સંયુક્ત ઉપક્રમે સાધારણ સભા તા. ૧૦-૦૮-૨૦૨૫ને રવિવારનાં રોજ ૧૦-૩૦ થી ૦૪-૩૦ કલાક સુધી જલારામ મંદિર પરિસર સભાગૃહમાં વિસનગર ખાતે બે બેઠકસત્રમાં યોજાઈ. જેમાં પ્રથમ બેઠકસત્રમાં કંસારા જ્ઞાતિની મહિલાઓનાં મહાકાળી ભજન મંડળ દ્વારા કુળદેવી શ્રી મહાકાળી માતાજીની સ્તુતિ-વંદના કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી. તેમજ મંચસ્થ સારસ્વતજનોનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ વર્ષ પર્યંત દિવંગત થયેલા જ્ઞાતિના સ્નેહીજનોને યાદ કરી, તેઓને સભામાં સામૂહિક શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. કેળવણી મંડળના પ્રમુખ શ્રી દેવાંશુભાઈ કંસારાએ સમગ્ર સભાને આવકારી, શાબ્દિક સ્વાગત કરી સંબોધ્યા. અમેરિકામાં ૨૦વર્ષથી નિવાસ કરતાં તેમજ વિશ્વ પ્રસિદ્ધ **Netflix** કંપનીમાં **Principle software engineer** તરીકે સફળ સુકાન સંભાળતા અપૂર્વભાઈ દિલીપભાઈ કંસારાએ સમારંભના મુખ્ય મેહમાન તરીકે પોતાનું સ્થાન શોભાવી,પોતાના પ્રેરણાત્મક અનુભવો અભિવ્યક્ત કર્યા.આ સાથે પાટણ વતની નીતિનભાઈ રમેશભાઈ કંસારા, કે જેઓ પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ **HDFC** બેંક તેમજ વર્તમાન સમયમા **Non Banking Finance Company** નો પોતાનો સ્વાયત બીઝનેસ ધરાવતા અને અમદાવાદ, પાલનપુર વગેરે શહેરમાં જેમની બીઝનેસ શાખાઓ કાર્યરત છે.તેઓએ શૈક્ષણિક અભ્યાસની સાથે-સાથે કૌશલ્યવર્ધક કોર્સ દ્વારા કારકિર્દીની ક્ષિતિજો સર કરી શકાય છે.એમ ઉદાહરણ સહિત સમજાવી સમારંભના અતિથિ વિશેષ તરીકે બિરાજમાન રહી પોતાના મનનીય વિચારો અભિવ્યક્ત કર્યા. આ બંને મહાનુભાવોનું સાલ, પુષ્પગુચ્છ અને ''શ્રી રામ મંદિર આસ્થાનો વિજય'' પુસ્તકથી સત્કાર કરવામાં આવ્યો. કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ કંસારાની કંસારા જ્ઞાતિ પ્રત્યેની દીર્ઘકાલીન અવિરત કાર્યકુશળ નેતૃત્વરૂપી સેવાઓનું ગુણાનુવાદ કરી, તેઓને સત્કારવામાં આવ્યા.કેળવણી મંડળના પૂર્વ સક્રિય કારોબારી સભ્ય દિલીપભાઈ કંસારાની પ્રેરક ઉપસ્થિતિની નોંધ લઈ તેઓનું પણ અભિવાદન કરવામાં આવ્યું. કેળવણી મંડળના મંત્રી અતુલભાઈ અને રાકેશભાઈ દ્વારા ક્રમશઃ કેળવણી મંડળના વાર્ષિક હિસાબોનું વાંચન અને કેળવણી મંડળની વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓનો પરિચયાત્મક ચિતાર રજૂ કરવામાં આવ્યો. આ સંદર્ભે સભામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ હકારાત્મક મુદ્રામાં સંકેત કરી અનુમોદના અભિવ્યક્ત કરી. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ દરમિયાન જ્ઞાતિના વિદ્યાર્થીઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને કેળવણી મંડળના કારોબારી સભ્ય તેમજ વિવિધ દાતાઓ દ્વારા શિલ્ડ, રજતચંદ્રક, ઈનામ વડે મંચ પર સત્કારવામાં આવ્યા. આ ઉપક્રમે ઉપસ્થિત જ્ઞાતિજનોએ વિદ્યાર્થીઓને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લઈ, તેઓના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી. અભ્યાસ અને કારકીર્દી ક્ષેત્રે ઈડબ્લ્યુએસ પ્રમાણપત્રની ઉપાદેયતા સમજાવી, વિદ્યાર્થીલક્ષી વિવિધ સરકારી યોજનાઓથી લાભાન્વિત થવા વિદ્યાર્થીવર્ગને ડૉ.નિરવ કંસારાએ અવગત કર્યા. ત્યારબાદ કાર્યક્રમની મધ્યમાં સ્વરૂચિ સમૂહ ભોજન સમારંભ યોજાયો.

વિરામ બાદ દ્વિતીય બેઠક સત્રમાં જ્ઞાતિના પ્રમુખ ભરતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને જ્ઞાતિ વિષયક અગત્યના નિર્ણયોને જાહેર કરી જ્ઞાતિજનોની સામૂહિક અનુમતિ મેળવી ઠરાવ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યા. કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી સુધીરભાઈ કંસારાની શારીરિક તકલીફને ધ્યાને લઈ તેઓના આજીવન સલાહકાર તરીકેની સેવાઓ આપવા તત્પર રહીશ. એવા સંકલ્પબદ્ધ વિનંતી ભર્યા રાજીનામાને ગ્રાહ્ય ગણવામાં આવ્યું. ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ, આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા. જ્ઞાતિના દાતાઓના દાનમાંથી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓને સન્માનિત ધનરાશી વડે સત્કારવામાં આવ્યા. કેળવણી મંડળની કારોબારી સમિતિનું વિસ્તરણ કરી યથાર્થ કંસારા, વૈશલ કંસારા, ચિંતન કંસારાની નવ નિયુક્તિ કરવામાં આવી.આ સમારંભમાં અપૂર્વ દિલીપભાઈ કંસારા- રૂા. ૧,૦૦,૦૦૦/-, સ્વ.રાજેશકુમાર ચંદુલાલ કંસારા- રૂા. ૨૫૦૦૦/-, પૂર્ણિમાબેન ભરતભાઈ કંસારા- રૂા.૨૫૦૦૦/-, નીતિનભાઈ રમેશભાઈ કંસારા- રૂા.૧૧,૦૦૦/- રૂપિયાનું અનુદાન અર્પી કેળવણી મંડળ પ્રત્યે કૃતજ્ઞતા જ્ઞાપિત કરી. કેળવણી મંડળના પ્રમુખ શ્રી દેવાંશુભાઈ કંસારાએ કેળવણી મંડળ હરણફાળ ગતિએ વિકાસ કરી શકે તેવા ઉદ્દેશ સાથે ૧૦૦ જેટલા જ્ઞાતિજનોને રૂા. ૫,૦૦૦/- અનુદાન આપવા આહ્વાનીત કર્યા. જેના ઉપક્રમે ૨૯ જ્ઞાતિજનોએ સ્વેચ્છાએ ત્વરિત સહયોગાત્મક નામ લખાવ્યા.આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દિપેન કંસારા અને હરકાંત કંસારાએ કર્યું તેમજ અંતિમ ચરણમાં વિરલભાઈ કંસારાએ આભારદર્શન કર્યું. સમૂહ રાષ્ટ્રગાન કરી સમારંભને પૂર્ણ ઘોષિત કરવામાં આવ્યો.

## નવા આજીવન સભ્યોની યાદી

| | |
|---|---|
| ૧ | બંદા સચીન રમેશભાઈ - અમદાવાદ |
| ૨ | કંસારા મિલન લક્ષ્મણભાઈ - અમદાવાદ |
| ૩ | વાઢેર આનંદકુમાર દિલીપકુમાર - અમદાવાદ |
| ૪ | કંસારા હર્ષ જયેશભાઈ - બેંગ્લોર |
| ૫ | કંસારા કૃણાલ નરેન્દ્રભાઈ - વિજાપુર |
| ૬ | કંસારા મિત રાજેન્દ્રભાઈ - વિજાપુર |
| ૭ | કંસારા તૃપ્તિ જયેશભાઈ - વિજાપુર |
| ૮ | કંસારા પિનાકીન મુકુંદભાઈ - વિજાપુર |
| ૯ | કંસારા શાંતાબેન બચુભાઈ - મહેસાણા |
| ૧૦ | કંસારા સુમિત જગદીશભાઈ - વિજાપુર |
| ૧૧ | કંસારા મયંક હર્ષદભાઈ - લીંબડી |
| ૧૨ | કંસારા નેહલ જયેશભાઈ - અમદાવાદ |
| ૧૩ | કંસારા હર્ષ નરેન્દ્રભાઈ - ગાંધીનગર |
| ૧૪ | કંસારા ગીરીશકુમાર ચંદ્રકાન્ત - ગાંધીનગર |
| ૧૫ | વાઢેર મયુર ભગવાનદાસ - અમદાવાદ |
| ૧૬ | લાલાણી દિવ્યેશભાઈ જયંતિલાલ - રાજકોટ |

**NIF Mechanical Works Pvt. Ltd.**

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com



અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

# કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.



Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



40% સુધી ફાયદો

અહીં તમારી વિગત ભરો

હમણાં જ સંપર્ક કરો:

+91 9327168907/ 6355519196

કંસારા જયમીન ભાસ્કરભાઇ ફાજલીયા

રીલાયેબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020



Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

# Navneet Traders
# નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# અમદાવાદમાં ગોહિલવાડ-ઝાલાવાડ કંસારા સમાજનો ભવ્ય સંયુક્ત રાસોત્સવ – ૨૦૨૫ સંપન્ન





શ્રી ઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ, અમદાવાદ તથા શ્રી ગુજરાતી કંસારા યુવક મંડળ (ગોહિલવાડ) અમદાવાદ તેમજ શ્રી ગુજરાતી કંસારા મહિલા વિકાસ મંડળ (ગોહિલવાડ) અને શ્રી ઝાલાવાડ ગુજરાતી કંસારા મહિલા મંડળ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬ સપ્ટેમ્બર, શુક્રવારે ભુદરપુરા પાર્ટી પ્લોટ ખાતે ભવ્ય "સંયુક્ત રાસોત્સવ – ૨૦૨૫"નો યાદગાર કાર્યક્રમ યોજાયો હતો.

રાત્રીના ૮ વાગ્યે પૂજન અને આરતી સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. પરંપરાગત લોકગીતો અને વાદ્યોના તાલે સમાજના નાના-મોટા, યુવક-યુવતીઓ તથા મહિલાઓએ પરંપરાગત વેશભૂષા ધારણ કરી ઉત્સાહપૂર્વક ગરબા-રાસ રમ્યો હતો.રાસોત્સવમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં–

આરતી શુશોભન, શ્રેષ્ઠ વેશભૂષા, શ્રેષ્ઠ ગરબા ગાયક, સેલ્ફી પોઈંટ આકર્ષણ નું કેંદ્ર બનેલ તેમજ શ્રેષ્ઠ જુગલજેવી સ્પર્ધાઓમાં સ્પર્ધકો દ્વારા પોતાના કૌશલ્યનું અનોખું પ્રદર્શન કરવામાં આવ્યું. વિજેતાઓને બંને ગોળ ઘટક ના અગ્રગણ્ય મહાનુભાવો ના વરદ હસ્તે પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવેલ. બંને મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કીર્તિદાબેન અને શ્રીમતી નીતુબેન નિખિલભાઇ કંસારા અને તેમની ટીમે સુશોભન તેમજ ગરબા હરીફાઈના નિર્ણાયક તરીકે ખૂબ જ સુંદર સેવા આપેલ. આ પ્રસંગે સમાજના આગેવાનો તથા વરિષ્ઠજનો સર્વશ્રી વિનોદભાઈ, શ્રી સુભાષભાઈ, તેમજ ગોહિલવાડ યુવક મંડળ અમદાવાદ ના સર્વશ્રી ગુણવંતભાઈ લાલાણી. શ્રી ધર્મેશભાઈ માવાણી ગોહિલવાડ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીતુબેન નિખિલભાઈ કંસારા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વક્તવ્યોમાં સમાજની એકતા, સંસ્કાર અને પરંપરાનું જતન કરવાની ભાવના વ્યક્ત કરી હતી. યુવક-યુવતીઓએ પણ નવા જુસ્સાથી સમાજપ્રેમ અને સંસ્કૃતિ પ્રત્યેનો આદર દર્શાવ્યો હતો.

સમાજના આજીવન સભ્યો તથા તેમના કુટુંબજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સમાજના વિવિધ મંડળોના કાર્યકરો, મહિલાઓ તથા યુવાનોનો વિશેષ સહયોગ રહ્યો હતો.

કાર્યક્રમની અંતે સૌએ ભોજન પ્રસાદીનો લાભ લીધો હતો. સમગ્ર રાસોત્સવ દરમિયાન સૌમાં અનોખો ઉત્સાહ, ભક્તિભાવ અને એકતાનું વાતાવરણ જોવા મળ્યું હતું.

આવા સયુંક્ત કાર્યક્રમો ગોહિલવાડ-ઝાલાવાડ કંસારા સમાજની એકતા અને જોડાણને મજબૂત બનાવે છે તેમજ યુવા પેઢીને પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાવાનો અવસર આપે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અંકિતભાઈ બુચ, મૌલિકભાઈ લાલાણી (ગોહિલવાડ) અને કિરણભાઈ દંગી તેમજ ગુણવંતભાઈ ખાખી (ઝાલાવાડ) અને મહિલા મંડળ (ગોહિલવાડ) ના પ્રમુખ શ્રીમતિ નીતુબેન નિખિલભાઈ કંસારા તેમજ શ્રીમતિ કિર્તિદાબેન ખાખી અને બન્ને મંડળોની બહેનોએ પ્રશંશનીય સેવા આપેલ.





શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

MATRIMONIAL

# Yagnik Chhatrala

**Date of Birth :** 11 July, 1992
**Height :** 5'8" • **Weight :** 77 kg
**Education :** M.Com | BBA
**Occupation :** Job (Business Manager)
**Company :** Alian Infinity Pvt. Ltd.
**City :** Anand, Gujarat
**Hobbies :** Reading, Music, Sports



## FAMILY BACK GROUND

| | |
|---|---|
| **Father Name** | : Sureshbhai Narandas Chhatrala |
| **Fathers Occu.** | : Vessel Business at Bhayavadar |
| **Mother Name** | : Indiraben Sureshbhai Chhatrala |
| **Siblings** | : 1 Sister Married<br>Biraj Kiranbhai Parmar - Rajkot |
| **Grand Father** | : Narandas Jivrajbhai Chhatrala |
| **Maternal Grand Father** | : Bhagwanjibhai Chhabildas Mevcha - Kolki |
| **Address** | : Main Bazar Road, Bhayavadar, Dist. Rajkot |
| **Contact No.** | : 98791 17529 (Father)<br>94273 92838 (Mother) |

## શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૩૫૫૧/- | ગૌ. વા. જશવંતરાય શાંતિલાલ ફાજલિયાના સ્મરણાર્થે - વડોદરા. |
| રૂા. ૧૧૦૦/- | શેઠ અનંતરાય ગોપાલદાસ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા પ્રફુલ્લભાઈ મોહનલાલ - સુરત - શુભેચ્છા ભેટ |
| રૂા. ૫૦૧/- | કંસારા જયેશભાઈ બાબુલાલ - બેંગ્લોર - ગૌ.વા. નિર્મળાબેન બાબુલાલ મેઘાણી, ચિ. હર્ષના મહેક સાથે સગાઈ થતા - ખુશી ભેટ. |
| રૂા. ૨૦૩/- | કંસારા મયંક હર્ષદભાઈ - લીંબડી |
| રૂા. ૧૦૩/- | બંદા સચીન રમેશભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૩/- | કંસારા મિલીન લક્ષ્મણભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૩/- | વાઢેર આનંદકુમાર દિલીપકુમાર - અમદાવાદ |
| રૂા. ૧૦૩/- | કંસારા હર્ષ જયેશભાઈ - બેંગ્લોર |
| રૂા. ૧૦૩/- | વાઢેર મયુર ભગવાનદાસ - અમદાવાદ |
| રૂા. ૧૦૩/- | લાલાણી દિવ્યેશભાઈ જયંતિભાઈ - રાજકોટ |


When **you have insurance** you know that you are secured against any unforeseen events in life, and this gives you **complete peace of mind.**

GENERAL INSURANCE
LIFE INSURANCE
CAR FINANCE
MUTUAL FUND

HV ENTERPRISE | NK INSURANCE | NIVESH FINCORP

Address
901, Dynasty, Nr. Stadium Cross Road,
C G Road, Ahmedabad 380009.
Nisarg Kansara 97260 16633 Arpana Kansara 9374471100
nkinsurance901@gmail.com I nisargk@gmail.com

રાજેશભાઈ કંસારાના જયશ્રી કૃષ્ણ

# Nisarg Sheth



## Personal Details

DOB: **10/07/1995 11:28 AM**
Place of Birth: **Rajkot**
Height: **170 cm / 5'7"**
Weight: **72 kg**

## Occupation

Role: **Team Lead (Data Eng.)**
Company: **Accenture Ltd.**
Salary + Incentives: **24 LPA**

## Education Details

- **PDPU Gandhinagar**
  - (B.Tech)
- **Bits Pilani | Upgrad**
  - PGD Big Data

## Interests

**Photography | Travel | Sports**

## Family Details

Father: **Prakash N. Sheth**

- Executive Engineer, PGVCL, Rajkot

**+91 -9925209230**

Mother: **Malti P. Sheth**

- Teacher, Sinhar School Rajkot

**+91 - 8320565159**

Sibling: **Rajvi Sheth**

- MBBS(Final Year)

Address

**BB-8, Alap Avenue Society,**
**University Road,**
**Rajkot, 360005**

Native: **Tankara**
Mosal: **Dhirajlal RaghvjiBhai lalani (Dhandhuka)**

# MATRIMONIAL



| | | |
|---|---|---|
| Name | : | Bhargavi Sheth |
| Date of Birth | : | 07/01/2000 |
| Place of Birth | : | Rajkot |
| Time of Birth | : | 02:49 PM |
| Rashi | : | Dhanur (Sagittarious) |
| Height | : | 5 feet 3 incehs (160 cm) |
| Weight | : | 53 kg |
| Religion | : | Vaishnav. |
| Caste | : | Kansara |
| Education | : | B.E. (Information Technology) |
| College Name | : | V.V.P. Engineering College (2018-2022) |
| Job-Occup. | : | Quality Assurance Engineer |
| Orgna. Name | : | Weybee Solution Pvt. Ltd. Rajkot Calssical |
| Interest | : | Dance, Psychology, Poetry, Cycling, Tracking |

**FAMILY DETAILS**

| | | |
|---|---|---|
| Granf Father's | : | Jayantilal Jagjivandas Kansara |
| Grand Mother | : | Hiraben Jayantilal Kansara |
| Father's Name | : | Ashokbhai Jayantilal Sheth |
| Father's Occ. | | Gov.t. Service National Insurance Compnay Ltd. |
| Mother's Name | : | Laxmiben Ashokbhai Sheth |
| Mother's Occ. | : | Home Manager |
| Sisters | : | Prexa Seth - BVok - Banking and Finance (3rd Yers)<br>Prachi Sheth - Bachelor of Physiotherapy (2nd Years) |
| Mosal | : | Kansara Govindlal Vithaldas (Nadia) M. : 9428436122 |
| Contact No. | : | 9228190591, (Father) 9426980210 (Mother) 9408041223 |
| Address | : | 4, Bank of Baroda Society, Opp. Airport Railway Crossing, Airport Road, Rajkot. |

# MATRIMONIAL



| | | |
|---|---|---|
| Name | : | Siddharth Mavani |
| Date of Birth | : | 14th December 1999 |
| Place & Time of Birth | : | Wadhawan City, 7:15 AM |
| Zodiac Sign | : | Aquarius (Kumbha) |
| Hight | : | 5'5" |
| Wight | : | 74KG |
| Education | : | Bachelor Engineering in Electronics & Communication (EC) (2017-21) |
| Collage Name | : | Shantilal Shah Engineering Collage, Bhavnagar. |
| Occupation | : | Private Sector salaried Employee |
| Degeneration | : | Physical Design Engineering (VLSI) |
| Organization | : | AMD, Hyderabad-500081. |
| Salary | : | 10 LPA |
| Interest of Hobby | : | listening to music, Playing Videos Games, Videos Editing. |

**FAMILY DETAILS**

| | | |
|---|---|---|
| Father Name | : | Dineshbhai Natwarlal Mavani, |
| Occupation | : | Ashish metal Industries Wholesale brass business. Wadhawan Surendranagar-363030. M. : 9825581058. |
| Mother Name | : | Darshanaben Dineshbhai Mavani (Housewife) |
| Younger Brother | : | Hiren D. Mavani (perusing Job with MBA) |
| Younger Sister | : | Dhruvi D. Mavani MBA Completed (perusing Job) |
| Address | : | Charan Street, near SBI Bank, Darbargadh, Kharvanipol, Wadhawan city, Surendra Nagar |

**Paternal Family Details**

| | | |
|---|---|---|
| Grandfather Name | : | Natwarlal Khimachandbhai Mavani |
| Mota papa Name | : | 1) Gunavant bhai Natwarlal Mavani. (Motapapa) |
| Wife Name | : | Sumitaben Gunavantbhai Mavani.<br>2) Jayesh Bhai Natwarlal Mavani. |
| Cousin Brother | : | 3) AshishBhai Gunavant Bhai Mavani Mo no: 7778882483 |
| Mama Name | : | Alpesh Bhai Kanti bhai Fajaliya, Ahmedabad |
| Contact Details | : | 8469142606 |

# લગ્ન વિષયક



| | | |
|---|---|---|
| **નામ** | : | **શ્વેતા પ્રફુલભાઈ છત્રાળા** |
| જન્મ તારીખ | : | ૨૧-૭-૧૯૮૯ |
| જન્મ સમય | : | રાત્રે ૨-૩૦ AM |
| જન્મ સ્થળ | : | જામનગર |
| એજ્યુકેશન | : | B.Com., MBA |
| જોબ | : | IELTS પ્રોફેસર |

**ફેમીલી વિગત**

| | | |
|---|---|---|
| પિતાનું નામ | : | પ્રફુલભાઈ ભોગીલાલ છત્રાળા |
| પિતાનો વ્યવ. | : | બ્રાસ પાર્ટસ |
| માતાનું નામ | : | મીનાબેન પ્રફુલભાઈ છત્રાળા |
| માતાનો વ્યવ. | : | હાઉસ વાઈફ |
| ભાઈ | : | રાહુલ પ્રફુલભાઈ છત્રાળા |

**કોન્ટેક્ટ ડીટેલ**

| | | |
|---|---|---|
| મો.નં. | : | ૯૭૨૩૧૦૧૨૨૦ |
| સરનામું | : | રણજીતનગર, જુનો હુડકો બ્લોક નં. ૯૮૦, બાળાનંદ સ્કૂલ પાસે, જામનગર-૩૬૧૦૦૫. |

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

## કાર્યાલયનો મોબાઈલ નંબર

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદના કાર્યાલય / ઓફિસનો મોબાઈલ નંબર **85115 94181** કાર્યરત થઈ ગયેલ છે. જે બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. તો જ્ઞાતિજનો / સભ્યોએ સંસ્થાના કામકાજ માટે ઉપરોક્ત મોબાઈલ પર સંપર્ક કરી શકાશે.

જય શ્રી સ્વામિનારાયણ

# પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી



**અ.નિ. કોકીલાબેન ઉપેન્દ્રભાઈ કંસારા**
**(મહેમદાવાદ)**
**અક્ષર નિવાસી**
**તા. ૨૦/૦૯/૨૦૨૪ ભાદરવા વદ ત્રીજ**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા અને ફોરમ છોડી ગયા, તમારો હસમુખો ચહેરો, પ્રેમાળ સ્વભાવ, ઉદાર પરોપકારી વૃત્તિ અને કૌટુંબીક ભાવના હર હંમેશ યાદ રહેશે.

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના દિવંગત આત્માને અક્ષરધામમાં પોતાના શરણમાં રાખે તેવી પ્રાર્થના સાથે સદૈવ ઋણી એવો આપનો પરિવાર.

અ. નિ. સાકરચંદ મણીલાલ કંસારા પરિવાર

| | |
|---|---|
| ઉપેન્દ્રભાઈ સાકરચંદ કંસારા | સ્વ. જીતેન્દ્રભાઈ સાકરચંદ કંસારા |
| ઉર્વેશ ઉપેન્દ્રભાઈ કંસારા | ઘનશ્યામભાઈ સાકરચંદ કંસારા |
| નિરવ ઉપેન્દ્રભાઈ કંસારા | હીરેન જીતેન્દ્રભાઈ કંસારા |
| સુજલ ઉર્વેશ કંસારા | કેયુર ઘનશ્યામભાઈ કંસારા |
| શ્રેય નિરવ કંસારા | ઉર્મીલ ઘનશ્યામભાઈ કંસારા |

(દ્રીતી, દિયા, હિતાર્થ, જૈનિલ, આરીવ, આરહા, શાર્વી)

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

World Class Rollers For The Whole World

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષો દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦